Since 1925...
જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ
# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા
C.D.O. PRAKASH SAMIKSHA
Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in
RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૮ • તા. ૧૬ થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ૨ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## જય જય શ્રી અનંતનાથ

શ્રી સુધાર્માસ્વામિની પાટપરંપરાના ૭૫મા પટ્ટધર ૫.પૂ.શ્રીપૂજ અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજીના અનુગામી ૫.પૂ. ક્ષમાનંદજીની પરંપરાને સમૃધ્ધ, લોકપ્રિય અને ક.દ.ઓ. જ્ઞાતિ પર સદા અમીકૃપા વરસતી કરનાર ગુરૂદેવ ૫.પૂ. યતિ શ્રીમોતીસાગરજી શ્રીજી મ.સા.ને ૬૯મા જન્મદિને કોટી કોટી વંદના.

ગુરૂજી અસાંજો અંતરનાદ



ડીજા અસાંકે આશિર્વાદ

## પરમ પૂજ્ય મોતીસાગરજી શ્રીજી મ.સા.

ક.દ.ઓ. જ્ઞાતિમાં પ્રગટાવે જ્યોતિ, ગુરૂવર દર્શન વંદન કોટી,
લાવે વધામણે માણેક મોતી, અજર-અમર રહો ઝગમગતી જ્યોતિ-(અમી)

## શતાયુ હો અમારા ગુરૂ ભગવંત

### શુભેચ્છક

અ.સૌ. પ્રભા-હેમેન્દ્ર વિશનજી લોડાયા (મુલુંડ-બાંઢીયા)
અ.સૌ. વીણા-નીતિન રાયચંદ ભાટે (મસુર-કોઠારા)
અ.સૌ. રાજેશ્રી-જીજ્ઞેશ દેવશી પોલડીયા (ઘાટકોપર-ડુમરા)
અ.સૌ. નિલમ-મનોજ વાલજી ગોસર (સુરત-ગોએરસમા)
અ.સૌ. ચંદ્રિકા-પ્રફુલ વિશનજી નાગડા (મસ્જીદબંદર-નલીયા)
અ.સૌ. ઈંદિરા-નવીન લખમશી પાસડ (મુલુંડ-શેરડી)
અ.સૌ. ચંદ્રિકા-નવીન સુંદરજી મારૂ (વડાલા-હાલાપર)
અ.સૌ. ભૈરવી-શેજશ શાંતિલાલ લોડાયા (ઔરંગાબાદ-સાંયરા)

## પૂ. યતિશ્રીને ૬૯મા જન્મદિને વંદના...



પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા. દેવ-ગુરૂની અસીમ કૃપાએ આજે વસંતપંચમીના ૬૯મા વર્ષમાં પ્રવેશ્યા છે. એ નિમિત્તે ગુરૂભક્તોની કોટી કોટી વંદના.. ગચ્છ અધિષ્ઠાયિકા મહાકાલીદેવી આપની સ્વાસ્થ્યતા-નિરામય રાખી દીર્ઘાયુષ્ય આપે જેથી જ્ઞાતિમૈયાને ધર્મ આરાધનાનો લાભ અને આશિર્વાદ મળતા રહે.

આપશ્રીની ગચ્છ-શાસનસેવા ભાવના માટે અનુમોદના...

: શુભેચ્છક :

**અનંત સમર્પણ**
**જીવીસી જૈન સંઘ**
**અને**
**સર્વે ભાવિકો**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160x225 cm | 7,000 | 4,000 |
| અડધું પાનું | 160x111 cm | 4,000 | 2,250 |
| પા પાનું | 77x111 cm | 2,500 | 1,250 |
| ૧/૮ પાનુ | 77x54 cm | - | 700 |
| ૧/૧૬ પાનું | 77x27 cm | - | 350 |
| વાર્ષિક શુભેચ્છા પટ્ટી | | - | 15,000 |

આપની જા.ખ. ની મેટર પુરી સુચના સાથે દર મંગળવાર સુધીમાં મુંબઈ કાર્યાલયે મોકલવી. જો આપ જા.ખ. બનાવીને મોકલવા ના હો તો સીડીમાં JPG format માં કન્વર્ટ ટુ કર્વ કરી પ્રિન્ટઆઉટ સાથે મોકલવી. મેઈલથી મોકલનારે ફોનથી જાણ કરવી. નિયત રકમનો ચેક/ડ્રાફ્ટ સાથે જ મોકલવો.

પ્ર.સ. ના જાહેરખબર દાતાઓને વિનંતી છે કે જેમના પણ જા.ખ. બીલ બાકી હોય તેમણે તુરંત મુંબઈ કાર્યાલયે CDO Prakash Samiksha ના નામે એટ પાર બેંક ચેક/ડ્રાફ્ટથી મોકલી આપવા. જેથી હિસાબો સમયસર પુરા કરવા સરળતા રહે.

## અનુમોદના



**માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા પરિવાર (સાંયરા-મુલુંડ)**
**પુત્રવધુ સૌ. જયાબેન અને શાંતિલાલ પદમશી લોડાયા**

પ્રભુજીના સમવસરણમાં પણ ધ્વજ સ્થપાય છે. ચારે દિશામાં દેવો એક યોજન ઉંચા ચાર ધ્વજ સ્થાપે છે. પૂર્વ દિશાનો ધ્વજ એ ધર્મ ધ્વજ તરીકે-દક્ષિણ દિશાનો ધ્વજ એ માન ધ્વજ તરીકે-ઉત્તર દિશાનો ધ્વજ એ સિંહ ધ્વજ તરીકે પશ્ચિમ દિશાનો ધ્વજ એ ગજ ધ્વજ તરીકે ઓળખાય છે. તેમ શ્રી વિમલનાથસ્વામીના જિનાલયની ટોચ ઉપર લહેરાતી ધ્વજા જોઈ અમ અંતરમાંથી પણ ઉદ્દગાર સરી પડે છે કે આપના જીવનમાં, આપના પરિવારમાં પણ ધર્મભાવનારૂપી ધ્વજ ઉંચે ને ઉંચે લહેરાયા કરે એજ પ્રભુ પાસે અભ્યર્થના. સોહામણું કચ્છ આદિપુર (અંતરજાળ) ગામ આપ જેવા ધર્માનુરાગી પરિવારોથી શોભી રહ્યું છે. આપની પરોપકાર વૃત્તિ, સાદાઈભર્યું જીવન, જિનભક્તિ તેમજ ધર્મ રમણતા થકી પુણ્યાનુબંધી પુણ્યનું ભાથુ બાંધ્યું છે. આપના જીવનના આ યાદગાર પ્રસંગની અમો ભુરી ભુરી અનુમોદના કરીએ છીએ. પરમ કૃપાળુ પરમાત્મા આપની ધર્મ રૂચીમાં દિવસે દિવસે વૃદ્ધિ કરે અને હજી પણ આપના કરકમલો દ્વારા ગામ, ગચ્છ અને સાશનના રૂડા કાર્યો થાય અને વિમલનાથસ્વામીની અમી નજર આપના સમસ્ત પરિવાર પર વરસતી રહો એવી શુભેચ્છાઓ.....

*સુકૃત આંજો-અનુમોદના અસાંજી*
*કર્મ નિર્ઝરા આંજી-પુણ્યાનુબંધ પરિવારજો..*

: શુભાશિષ :

કાકા-કાકી : **કસ્તુરીબાઈ કેશવજી શામજી ધરમશી** (સાંધાણ-વિઠ્ઠલવાડી)
ભાઈ-ભાભી : **સ્વ. પ્રભા નીતિન કેશવજી ધરમશી** (સાંધાણ-વિઠ્ઠલવાડી)
ભાઈ-ભાભી : **અ.સૌ. માલતી કેતન (રાજુ) કેશવજી ધરમશી**
બહેન-બનેવી : **અ.સૌ. જ્યોતી જયેન્દ્ર ગાલા** (છસરા-પાલઘર)
ભત્રીજાઓ : **અંકિત, હિતેશ, સૌરભ, કેવલ, કરણ અને નિકિતા**

## લગ્ન સંબંધી



અમદાવાદ સ્થિત જયેશ ભવાનજી પાશ્વીર નાગડાની સુપુત્રી **ચિ. છાયા** જન્મ : તા. ૭.૧.૧૯૮૫, ઉંચાઈ : ૫-૫'', વજન : ૬૦ કી., B.com. (Eng. Med.) PGD-IRPM હાલ જોબ (SIS, Technology Com.-અમદાવાદમાં HRમાં) માટે યોગ્ય, અપરિણિત, વેલસેટલ્ડ યુવકોના વડીલો સંપૂર્ણ બાયોડેટા, ફોટો તેમજ જન્માક્ષર સાથે સંપર્ક કરે.

: સંપર્ક :

ફોન : (079) 27602709
મોબાઈ : 09825444104 / 09727700104
E-mail : chhaya.nagda07@gmail.com.

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી - 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 8 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# વિચારોની અભિવ્યક્તિ : સલમાન રશદી અને કમલા હાસન

કોઈપણ સમાજના સ્વસ્થ અને સર્વાંગી વિકાસ માટે વિચારોનું મુક્ત આદાનપ્રદાન અત્યંત જરૂરી છે. દેશને અને સમાજને નવા-નવા વિચારો બૌધ્ધિકો અને સર્જકો જ આપી શકે છે.

આ લોકો સ્થાપિત હિત ધરાવતા નથી પણ બૌધ્ધિક વિશ્લેષણ કરીને પોતાની વાત મૂકે છે. એનું બને કે કોઈ એક જૂથ કે વર્ગને અનુકૂળ ન પણ હોય. તેવા સમયે તે બૌધિક કે સર્જકનું અપમાન કરવાથી કે બોયકોટ કરવાથી 'વિચાર' ડામી ન શકાય.

જો તમારી કાર્યપધ્ધતિમાં ખામી હોય તો તેને સુધારવાની જરૂર છે. 'ખામી બતાવનાર' ને દૂર કરવાથી કોઈ ફેર પડવાનો નથી. જે સમાજે વિકાસ કરવો હોય તેને વીનિત અથવા ઉદાર બનવું પડે. જે 'શાસ્ત્ર' ઉપાડે છે. (ચર્ચા વિચારણા માટે તૈયાર) હોય છે તે જીતે છે. જે 'શસ્ત્ર' ઉપાડે છે. તે લાંબે ગાળે હારે છે.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહેલું કે કોઈપણ માનવીની સર્જનશીલતા આડે અવરોધ મૂકવો ન જોઈએ. જર્મન ફિલસૂફ નિત્સેએ પણ કહેલું કે મારા વિચાર આડે જે અવરોધ મૂકે છે તે મારા જીવનને મર્યાદિત બનાવે છે. પોતાના સર્જનની અભિવ્યક્તિ આડે અવરોધ આવે તેનાં જેવી કોઈ પીડા નથી.

વોલીયરનું આ સૂત્ર તો તમને કંઠસ્થ હશે. તેણે કહેલું 'ભલે હું, તમારા વિચારો સાથે સંમત ન થાઉં પરંતુ તમે જે કંઈ મુક્તપણે વિચારીને કહો છો તે અભિવ્યક્તિના તમારા હક્ક, ખાતર હું તમારા વતી જીંદગીભર લડવા તૈયાર છું'

ક્રિએટીવ અથવા સર્જનશીલ માણસમાં નોડાઉટ અનેક ગુણ-અવગુણ હોય છે. તે જિદ્દી હોય છે. પોતે જ સાચો છે તેવો દુરાગ્રહી હોય છે. હજાર જણ ના પાડે તો પણ ક્રિએટીવ માણસ તેના સાહસમાંથી અટકતો નથી. તેના સંતાન કરતાંય તેનો આઈડિયા તેને વધુ વહાલો હોય છે.

ડૉ. ઈયાન મૂરે નામના મનોવિજ્ઞાનીએ વર્ષો પહેલાં લંડનના ટાઈમ્સમાં લેખ લખેલો. તેમણે કહેલું સેનિટી ઈઝ બોરીંગ એન્ડ ટુ જિનીયસ આર બોર્ન વિથ મેનિયા, મેડનેસ એન્ડ મૂડ સ્વીંગ્સ. અર્થાત સાચા સર્જકો કે અતિ મેધા શક્તિવાળા લોકો થોડા ચક્રમ હોય છે. તેનામાં કશુંક સર્જયાની ઘેલછા હોય છે. તે મૂડી હોય છે. માત્ર માણસનું ડહાપણ તેને 'ત્યાંનો ત્યાં' રાખે છે.

વર્તમાન વિશ્વના ધુરંધર ગણાતા સર્જક ડાર્ક મટિરિયલ્સ ટ્રાયોલોજી જેવી ગહન ચિંતન આપતી બેસ્ટસેલરના લેખક જિનિયસ બિલ પુલમેન શું કહે છે, એ જરા વાંચી લો, એમના જ શબ્દોમાં:

'આ શોકિંગ (આંચકાજનક) બાબત છે કહેવા માટે, અને હું જાણું છું કે એ આઘાતનો આંચકો આપે તેવી છે, પણ કોઈને આખી જિંદગી કોઈ શોક (આંચકો) ખાધા વિના જીવવાનો અધિકાર નથી. દુભાયા વગર જ આખું આયખું ખરચી નાખવાનો કોઈને હક્ક નથી. કોઈએ પુસ્તક વાંચવું ન જોઈએ. (અહીં પુસ્તક વાંચવા ઉપરાંત ફિલ્મ જોવી, લેખ વાંચવો, ઈન્ટરવ્યુ સાંભળવો, યુ ટ્યુબ વિડિયો કે ફેસબુક : ટ્વીટર, ડિસ્કશન વાંચવું કે પ્રવચન સાંભળવું, નાટક જોવું એવા અનેક મલ્ટીપલ મીનીંગ જાતે જ આગળ પણ સમજતા જવા) જો વાંચો છો, તો તમારે એ ગમાડવું, ફરજીયાત નથી. અને તમે વાંચો અને તમને એ પસંદ ના પડે, તો તમારે ખામોશ પણ ન રહેવું જોઈએ. તમે મને (સર્જકને) લખી શકો છો, તમે એ અણગમાની ફરિયાદ કરી શકો છો, તમે પેપર કે મીડિયામાં લખી શકો છો' બ્રિલિયન્ટ. વેધક કટાક્ષ. મર્મવેધક સત્ય.

શું કોઈ પણ માણસને ગમે તે લેખ, પુસ્તક કે વ્યક્તિ પર પ્રતિબંધ મુકવાનો હક્ક મળે? આપણા બંધારણની કલમ ૧૯(૧) અંતર્ગત અભિવ્યક્તિની સ્વતંત્રતા દરેક નાગરિકનો મૌલિક અધિકાર છે.

૯/૧૧ પછી અમેરિકાને બેફામ ભાંડતી જગતભરની ફિલ્મોને અમેરિકાએ રિલિઝ થવા દીધી છે. પોતાને ત્યાં, અને ખુદના જ ફિલ્મમેકર્સની એવી ફિલ્મોને એવોર્ડસ પણ આપ્યા છે. આ થયો સાચો ઉદારવાદ, સ્પોટર્સમેન સ્પીરીટ.

આપણા દેશમાં ૨૬મી જાન્યુ.ના ત્રણ બનાવ એક જ દિવસે બન્યા એ એક કો-ઈન્સીડન્સ ગણાય.

જયપુર લિટરેચર ફેસ્ટીવલ કદાચ ભારતની સૌથી મોટી, મહત્ત્વની અને મજબુત સાહિત્યિક ઈવેન્ટ છે. સલમાન રશદીને આ ફેસ્ટીવલમાં આમંત્રણ ન અપાયું. ગમ્મતની વાત એ છે કે ફેસ્ટીવલમાં ચર્ચા ફ્રીડમ ઓફ એક્સપ્રેશનની થઈ.

બીજો બનાવ ચેન્નાઈમાં થયો. કમલહાસનની 'વિશ્વરૂપમ' ફિલ્મને રિલિઝ કરવા દેવામાં આવી નહીં. ત્રીજો બનાવ સમસ્ત મહાજનની મિટીંગમાં 'પ્રકાશ-સમીક્ષા' અને 'પાંજો પ્રતિબિંબ'ના વાણી સ્વાતંત્ર્ય પર આક્ષેપો થયા અને આ સામયિકોને બંદ કરવાની વાતો થઈ.

આપણાં કરતાં પછાત ગણાતાં ઈરાન કેટલું બુધ્ધિમત્તામાં આગળ છે તે જુઓ. ઘણાં એવોર્ડસ મેળવી ઓસ્કારની રેસમાં સ્થાન મેળવેલી 'આર્ગો' ફિલ્મમાં 'ટ્રુ સ્ટોરી' છે લોહીનું ટીપું રેડ્યા વગર ઈરાનમાં રૂઢિચુસ્ત ખોમેનીના હાથમાં સપડાયેલ અમેરિકન બંધકોને અમેરિકાએ કેમ છોડાવ્યા તેની.

સરપ્રાઈઝીંગલી, ફિલ્મને બૅન કરવાની માગને બદલી ઈરાને એવું કહ્યું કે અમે દુનિયા સામે એ કટોકટીનું અમારું વર્ઝન રજુ કરતી ફિલ્મ બનાવશું!

ધેટ્સ ધ રાઈટ વે ટુ પ્રોટ્સ્ટ . ઘાંટા પાડીને ગળું ઘોટીને કે અંગત આરોપો લગાડીને નહિં પણ મુદ્દાસરના તથ્યો અને ધારદાર કટાક્ષોથી સામનો કરવાનો હોય.

વિચારોની અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય ઝુંટવી ન શકાય એજ ખરી લોકશાહી છે.

**- પ્રવીણ લોડાયા** (વડોદરા)


શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)


## ઝુકી તો જવાયને...

## પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની વિશિષ્ટ શ્રુતભક્તિ

મસ્જીદ બંદરે. અનંતનાથજી ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીશ્રીઓએ નાતના ગૌરવસમા અનંતનાથ દાદા દરબારે હોવો ઘટે તેવા ઉપાશ્રયનું સર્જન કરતાં મહાજનશ્રીએ સવંત ૨૦૬૮ના પૂ.સા.શ્રી. સંયમગુણાશ્રીજીમ.સા. પૂ.સા.શ્રી ખંતીગુણાશ્રીજીમ.સા. અને પૂ.સા.શ્રી. મલ્લીગુણાશ્રીજીમ.સા. નું ચાતુર્માસ મેળવી મેઘાવી માહોલ સાર્થકતાના સાથીયા ચીતર્યા.

ચાતુર્માસની અનેકાનેક પ્રવૃત્તિઓએ પણ પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની નજરોમાં ટ્રસ્ટનું અતિ બહુમુલ્ય "જ્ઞાન-ભંડાર" નજર સમક્ષ થયું. સંખ્યાબંધ કબાટોમાં ભંડારેલી હસ્તપ્રત્રો, ગ્રંથો જ્ઞાન પુસ્તકો, સૂત્રો, ચરિત્રો, ગીતો, ગહુલીઓ, વંશાવલીઓ, સજ્જાયો, અલગ અલગ ગરબાની માહિતી આપતા અને ધાર્મિકતાના સમજયુક્ત પુસ્તકોને જોઈ અને સુવ્યવસ્થિત કરવાના ભાવ જાગ્યા.

કડવા અનુભવોએ ટ્રસ્ટબોર્ડ આ ખજાનાને હવે કોઈને કડક ચકાસણી કર્યા વગર પુસ્તકો જોવા કે વાંચવા આપતું નથી. પૂ.સા.ભ.નો આ ભાવ જાણી સહમત થઈ સહકાર આપ્યો અને પૂજ્યોએ ચાતુર્માસના વ્યસ્ત કાર્યક્રમે રાતના પણ નિત્ય ત્રણથી ચાર કલાક સધી સાડાત્રણ મહિનાના અંતે એ જ્ઞાન ભંડારના હજારો પુસ્તકોને પૂંજી, પ્રમાદી ઉધઈ દૂર કરી ખોલી રજ દૂર કરી, જર્જરિત પૃષ્ઠોને ચીવટ, ચાંવટ અને ચતુરાઈએ ૩૭૦૦ હસ્તપ્રતોને રૂા. ૨૫૦૦૦ના ખરચે પુંઠાં ચડાવી, કપડે વીંટાળી, હર પુસ્તકો ઉપર સ્ટીકર ચોટાળી એમાં મૂળ લેખક, અનુવાદક, લેખક, ક્યાં લખાયું? એની ભાષા? નંબર જેવી અનેક ઉપયોગી માહિતી સંકલીત કરી એને ક્રમાનુસાર ગોઠવી, ચાર વિભાગ પાડી. તંબાકુના પાન અને ડામરગોળી નાખી અપ ટુ ડેઈટ રજીસ્ટર પણ મરોડદાર અક્ષરે લખી આપ્યું. વિભાગવાર ૨૦૦૦ પુસ્તકો જ્ઞાનના, ૫૦૦ પુસ્તકો ભણવાના, એમ ઝીણામાં ઝીણી માહિતીએ અગાઉ ક્યારેય ન થયું હોય તેવી વિશિષ્ટ શ્રુતભક્તિ કરી વાંચેલા કે સાંભળેલા એ ગ્રંથોને ખોળે રાખી. માથે ચડાવી નિજાનંદે લગભગ ૫૦૦૦થી વધુ પુસ્તકોને નવજીવન બક્ષ્યું! સાથી મહારાજ સાહેબો અને સંઘની સંનિષ્ઠ બહેનો અને કાર્યકરોના સથવારે પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.એ પારોલા, વરલી, થાણા, વગેરે સ્થાને આવું જ્ઞાનભક્તિનું કાર્ય કરી જ્ઞાન શંત્રુજીને બે કાંઠે વહેવડાવવા ઉત્કૃષ્ટ શ્રુત-ભક્તિપૂજા કરતાં અહોભાવે વંદન સહ ઝૂકી તો જવાય ને?

**- લહેરચંદ વેલજી મૈશેરી** (ભાંડુપ)

# A Brave Tribute to our great gurudev Gunsagarji

Name : Gangjibhai,

Father : Laljibhai, Mother : Dhanbai,

Diksha data Acharya Dansagarsuriji Maharaj

Gurudev : Munishree Nitisagarji Maharaj

Dada Gurudev: Acharya Gautam Sagar Suruji Maharaj




Successor : Acharya, Gunodayasagar Suriji Maharaj

Birth : V.S. 1969, Maha Sud 2, Kutch, Dedhia.

Renunciation : V.S. 1993, Chaitra Vad 8, at Kutch Dedhia.

Acharya Pad : V.S. 2012, Vaishakh Sud 3, at Mumbai

Kaldharma (Death) : V.S. 2044, Bhadrva Vad, Amavsya, at Mumbai

Last Rites : Aaso Sud 2, 72Jinalaya, Kutch

Age at the time of Renuciation 24 years, Diksha, Paryaya: 51 years, Acharya Paryaya : 32 Years, Age at the time of Death : 75 years Associated Monks and Nuns around 300

No person is born great. Ones intelligence ability, smartness, hardwork and pious perserverance only makes him/her great. Jain Shasan consists a vasts collection of Great Aacharyas. One such glorious, outstanding, phenomenal acharya was our Achalguchhadhipati, Acharya Gunsagar Suriji Maharaj Saheb ! Gunsagar = Occean of virtues.

This Jaincharya, who embraced monkhood at a very young age, roamed all over India for long 51 years and propagated the truly noble religion, unselfishly.

Acharya, Maharaj holds a very impressive position for the unimaginable upliftment of Achalgachh in all the directions. Today, the fabulous identity, status, popularity, reputation which our achalgachh holds, is only due to the hard work done by our great gurudev ! As the gold has to bear the terrific heat of fire and the highest price in the market, our Gurudev has faced on each and every obstacle with massive peace and self confidence for the bright future of Achalgachh.

The world used to back answer him very roughly, called him as money collector, did not respect him as monk should be , instead was called as a fraud. Even then our Gurudev was firm in his good deeds. He used to listen the opposite person very silently, without any expression on the face and when the opposer would feel ashamed and apologise for the his mistake. Acharya Maharaj would politely explain him the true situation. This art of listening peacefully was a fantastic and the uppermost virtue of our Great Gurudev.

He used to do daily Ekasnas for the continuous long 47years. Gurudev was very strict, punctual and perfect in the practice of Monkhood, Kriyas. Every early morning he performed 108 Khamasamanas standing. He used to live a very simple and decent life. He had an ethic personality. The works done by our Gurudev are just not describe. He himself was a good poet and a good Author too. Plenty of scriptures, stavans, stuties, chaityavandanas, shlokas in gujarati and sanskrit have numerous titles like- Rashtra Sant, Bharat Diwakar, Kutch Kesari, Kutch Kohinoor, Chamatkari Baba, Shasan Samrat, Yug Prabhavak and many more.

Today on the occassion of 100th Birth Anniversary of our Acharya Gunsagar Suriji Maharaj, the hearts of Kutchi people are fully filled with happiness and salutation. The only way to worship him is to follow the way as indicated by him. We fall at his feet and pray repeatedly to him to shower blessings upon us, provide the power and advance the ability to march forward to the path of Parmatma.

- P.P,. Sa. Dhairyaprabhashriji M.S. na Prashisyanu shisya, **Sa. jinkrupashriji**

## શ્રદ્ધાંજલી



જન્મ :
૧૯-૧-૧૯૩૧

અરિહંતશરણ :
૧૨-૧-૨૦૧૩

**ઋણ સ્વીકાર**

અમારા વડીલ પૂજ્ય શ્રી ઝવેરચંદ ખીમજી મોમાયાના દુઃખદ નિધન પ્રસંગે તેમની અંતિમ યાત્રા પ્રાર્થનાસભા તેમજ રૂબરૂ ઘરે આવી દિલસોજી આપવા પધારેલા અમારા સર્વ સગાસબંધીઓ, વ્યાપારી, સામાજિક, કૌટુંબિક મિત્રો તેમજ ટેલીફોન, ઈમેલ, એસએમએસ દ્વારા શોકસંદેશો પાઠવનાર સર્વ હિતેચ્છુકોનો મોમાયા પરિવાર અંતકરણ પૂર્વક આભાર માને છે.

મોભી સાથ છડે વ્યા સુખર ન વે જાય
તે કે ડીરાત હાણે વીઠા કઇંબો જાય.
(સાભાર 'કવિ તેજ')

ધર્મપત્ની : પ્રભાબેન • પુત્ર : ભૂપેન્દ્ર • પુત્રવધુ : ધારિણી • પૌત્ર : કરણ

**કેડીઓ સિનિયર સિટિઝન્સ ડિગ્નીટી ક્લબ, મુંબઈ**
**માર્ચ-એપ્રિલ ૨૦૧૩ના કાર્યક્રમો**

૧) **રવિવાર તા. ૧૭.૩.૨૦૧૩ સવારના ૧૦ થી સાંજના ૪ સુધી** મહારાષ્ટ્ર નેચર પાર્ક, ત્યાં આવેલ ફાર્મર્સ માર્કેટ અને મીઠી નદીનું પર્યટન-ધારાવી બસ ડેપો અને શિવ સ્ટેશન પાસે ખર્ચ-રૂા.૨૦૦ જેમાં બે ટાઈમ નાસ્તો, લંચ, ગાઈડ, પ્રવેશ ફી સામેલ.

૨) **ગુરૂવાર તા. ૧૧.૪.૧૩ ગુડી પડવા—જાહેર રજા-સવારના ૬ થી રાતના ૧૦ સુધી** હીના ટુર્સ સાથે મંચારમાં આવેલ ભાગ્યલક્ષ્મી ફાર્મ તથા એશિયાની સૌથી મોટી ચીઝ ફેક્ટરીની મુલાકાત.

આ દિવસે સંસ્થાને ૧૦ વર્ષ પુર્ણ થતા હોવાથી પેટ્રન-આજીવન સભ્યો માટે રૂા. ૮૦૦, અન્યો માટે રૂા.૧૧૦૦, જેમાં બે ટાઈમ નાસ્તો, બે ટાઈમ જમણ, બસ ભાડું અને રૂા.૨૫૦નું ગીફ્ટ હેમ્પર મળશે.

બન્ને કાર્યક્રમો માટે પુર્ણ ખર્ચ સાથે નામ નોંધાવવાની છેલ્લી તા. **૨૫.૨.૧૩.**

: સંપર્ક :
**રતિલાલ ખોના** - 24021859
**વનીતા નાગડા** - 9820810499
**મધુકર નાગડા** - 9819198063


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જૂના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

# પ્રતિભા-પ્રકાશ : શ્રી નેણશી હીરજી વિકમશી (જખૌ)

*તમન્ના એક હી બાકી રહી અબ જિંદગાની મેં,*
*વતન કા સર બુલંદ કર જાઉં ઈસ દુનિયાએ પાનીમેં,*
*કરું કુરબાન મેરેં ખુનકી એક એક બુંદ, ઈસ મુલ્ક કી ખાતિર,*
*કે અપને દેશ પે મીટ જાઉં અપની જિંદગાની મેં.*



જ્ઞાતિમાં અનેક પ્રતાપી હીરલા થયા. જે પૈકી એક એટલે શ્રી **નેણશીભાઈ કેપ્ટન.**

હા! ખરેખર એક એવાજ મહાન વીરપુરુષની વાત કરવી છે. જેઓ સમસ્ત કચ્છી સમાજનું નામ રોશન કરી ગયા એવા શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજના શ્રી નેણશી હીરજી વિકમશી (જખૌ)નો જન્મ તા. ૨૪.૩.૧૯૧૪ના શ્રીમતી આશબાઈ હીરજી વિકમશીને ત્યાં કચ્છ રાણપરમાં થયો. ફક્ત ૪ વર્ષની ઉંમરે તેમણે પિતાશ્રીની છત્રછાયા ગુમાવી. એવા ખેડૂતપુત્ર શ્રી નેણશીના માતા આશબાઈ જેઓ બહુજ નાની ઉંમરે વિધવા બન્યા. ઘરે જાતે વીશી ચલાવીને પોતાના સંતાનોને પેટે પાટા બાંધીને મોટા કર્યાં. કુટુંબમાં ચાર ભાઈ, ત્રણ બહેનો એમાંથી એક બાળવિધવા અને એક વિધવા. આવી કારમી ગરીબીમાં પણ બાબુ પન્નાલાલ પુરણચંદ જૈન હાઈસ્કુલ-મુંબઈમાં અભ્યાસ કર્યો. પારકા છોકરાઓને ટ્યુશન કરાવીને, સ્વબળે મેટ્રીકમાં સખત મહેનત કરીને ૭૭% સાથે મેરીટલીસ્ટમાં પાસ થયાં. જે એ જમાનામાં તો એક નોંધનીય ઘટના હતી. તેઓ એક સારા સ્પોર્ટસમેન હતા. તેમણે બોક્સીંગ અને ક્રિકેટમાં ઘણાં ઈનામો મેળવ્યાં હતાં. ત્યારપછી તેમણે નેવી મર્ચંટની આકરી પરીક્ષાઓ તનતોડ મહેનત કરીને પાસ કરી અને ૧૯૩૭માં તેઓ કેપ્ટન બન્યા. સમગ્ર કચ્છી સમાજમાં પ્રથમ કેપ્ટન બન્યા. ૧૯૪૨માં માંડવી અને કંડલા પોર્ટનાં તેઓ પ્રથમ કસ્ટમ ઓફિસર અને પછી Port Officerનાં પદે રહ્યા અને કચ્છી સમાજને ગૌરવ અપાવ્યું. એ માટે તેમને કચ્છનાં દીવાન તરફથી પ્રશસ્તિપત્ર એનાયત થયેલ. તેઓ જ્યારે પ્રથમ વખત કેપ્ટનના ગણવેશમાં ઘરે માતાને પગે લાગ્યા ત્યારે તેમનું અદ્‌ભુત વ્યક્તિત્વ જે એક ગોરા અંગ્રેજ જેવું લાગતું હતું. ઘડીભર તેઓ પોતાનાં પુત્રને ઓળખી જ ન શક્યા! ત્યારથી જ તેઓ **'નેણશી કપ્તાન'** નાં હુલામણાં નામથી ઓળખાતા થયા. 'શુન્યમાંથી સર્જન' કર્યું. એમની કપ્તાની હેઠળ ઘણાં ઉચ્ચ અધિકારીઓ સર્વોચ્ચ હોદ્દે પહોંચ્યા.

*"જીસ કોમકો મીટને કા અહેસાસ નહીં હોતા,*
*ઉસ કોમ કા કભી કોઈ ઈતિહાસ નહીં હોતા."*

ખૂબજ નિર્ભય, નીડર અને સાહસિક એવા નેણશી કપ્તાન સાહેબે ઘણાં જોખમી દરીયાઈ પ્રવાસ ખેડ્યાં હતાં. તેઓ Dufferinn Steamer ના Captain હતાં. એ દરમ્યાન જે શ્રી. વિક્રમસિંહ સુરજીના જુના ખખડધજ જહાજનો તેમણે contract લીધો હતો. જે ખરેખર ખુબજ જોખમી હતો. રંગુનથી મુંબઈ આવવાનું હતું. રસ્તામાં દરીયાઈ તોફાન આવતાં (દરીયાઈ વમળ) તેમનાં મિત્રનું જહાજ પણ તેમની સાથે જ હતું. તે તો સીધા રસ્તે જ નીકળી ગયા અને રસ્તામાં જ તેમનું જહાજ વમળમાં ફસાઈ જતાં તેમાં ડુબી ગયા. આ સમાચાર બહાર આવતાં જ બધાંને થયું કે નેણશી કપ્તાનનું જહાજ ડુબી ગયું. પરંતુ શ્રી નેણશી કપ્તાન એ બુદ્ધિપૂર્વક રસ્તો બદલીને આખો દરીયાઈ મોટો ફેરો લઈને લાંબે રસ્તે મુંબઈ આવવાનું નક્કી કર્યું. અને એ જ ચતુરાઈપુર્વક લીધેલા નિર્ણયને કારણે તેઓ સદ્‌ભાગ્યે ત્રણ મહિને પરત ફર્યા. તેમનું જહાજ લાપતા થઈ જવાનાં અને સ્થાને પાછા ફરવામાં મહિનાઓ લાગી જતા, કુટુંબમાં હંમેશા ડર રહ્યા કરતો. વિશ્વયુદ્ધનાં કારણે તેમને અંગ્રેજ સરકાર લડાઈમાં મોકલાવવા માંગતા હતા. તે દરમ્યાન રંગુનથી હેમખેમ નીકળી થોડો સમય ભુગર્ભમાં રહ્યા પછી તેઓ માંડ કચ્છ પહોંચ્યા. તેમણે અંગ્રેજ સરકારને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે, 'હું લડાઈ લડીશ તો મારા વતન કાજે.'

*"જબ શહીદોં કા અર્થી ઉઠે ધુનસે,*
*દેશવાલો તુમ આંસુ બહાના નહીં,*
*પર મનાઓ જબ આઝાદ ભારત કા દિન,*
*ઉસ વક્ત તુમ ઉન્હેં ભૂલ જાના નહીં."*

આઝાદી પછી કાપડ ઉદ્યોગમાં ક્રાંતિ આવી. કુટુંબને તેમનાં સાહસિક સ્વભાવથી હંમેશા ડર રહેતો હતો તેથી તેઓ કપાસનાં કૌટુંબિક ધંધામાં પિતાતુલ્ય મોટાભાઈનાં કહેવાથી જોડાયા. એમને કચ્છ પ્રત્યે અનહદ પ્રેમ હતો. તેમણે કચ્છમાં ખેતીવાડી પણ કરી. તેઓ એટલા બહાદુર અને નીડર હતા કે એકવાર તેમનું રસોળીનું ઓપરેશન કરાવવા ટેબલ પર ડૉક્ટરે જેવી એનેસ્થેસીયાની શીશી સુંઘાડવા લીધી, ત્યારે તેમણે હિંમતભેર એમને અટકાવી દીધા અને એ શેરદીલ ઈન્સાને બહાદુરીપૂર્વકએ ઓપરેશન સભાનતામાં જ કરાવ્યું. તેવી જ રીતે તેમણે મોતીયાનું ઓપરેશન પણ વગર એનેસ્થેસીયાએ નીડરતાપુર્વક કરાવ્યું હતું. જે ખરેખર એક શેરદીલ અને ઝિંદાદીલ નીડરતાનું ઉદાહરણ છે. તેમને લકવા થયો હતો છતાં તેને પણ તેમણે બહાદુરીથી માત આપી હતી.

અંતે ઈ.સ. ૧૪.૩.૧૯૯૧નાં ધર્મપત્ની શ્રીમતી માનબાઈ, ૪ દીકરીઓ અને ૨ દીકરાઓ, પૌત્રીઓ તથા દોહિત્ર અને દોહિત્રીઓ તથા સમસ્ત વિશાળ વિકમશી પરિવાર મુકીને તેમનો દેહાંત થયો. શ્રી નેણશીભાઈને સમસ્ત કચ્છી સમાજમાં પ્રથમ કપ્તાન, પ્રથમ કસ્ટમ ઓફિસર અને પ્રથમ પોર્ટ ઓફિસર થયા. નેણશીભાઈ કેપ્ટન સમગ્ર કચ્છી સમાજમાં પોતાની ઝાંબાજ બહાદુરી, નીડર સાહસ અને નૌકાશાસ્ત્રમાં પારંગતતા માટે હંમેશ માટે યાદ રહેશે અને કચ્છી સમાજ તેમને માટે હંમેશા ગૌરવ અનુભવશે.

## ઘર સંસ્કાર

ઘરના સંસ્કાર સહુ નાનપણથી વિનય, નમ્રતા, રીતરસમ, રિવાજ અને ધર્મ વગેરે મા-બાપ તથા કુટુંબના અન્ય સભ્યોથી શીખે છે. તેમજ એ પ્રમાણે સ્વભાવ કેળવે છે. સાથે રહીને ઘરના કામકાજની જવાબદારી પણ લેવી પડે છે. ચાહે એ ઘરના રસોડાનું કામ હોય, મહેમાનોની સરભરા કે બહારની ખરીદી કે સમાજના પ્રસંગોમાં ધાર્મિક રીતે ભાગ લેવાનું હોય. આ બધામાં દિકરા કરતાં દિકરીનું મહત્ત્વ વધી જાય છે. પરંતુ દિકરીને દિકરા જેટલી છૂટ મળતી નથી. આખરે તો દિકરીએ લગ્ન કરી સાસરે જવાનું હોય છે. અને ત્યાંના રીત-રિવાજ પ્રમાણે રહેવાનું હોય છે. પરંતુ આજકાલના જમાનામાં બધું ભણતર તથા કારકિર્દી બનાવવા યુવતીઓ પોતાની પસંદી પ્રમાણે જીવવાનું પસંદ કરે છે. જ્યારે એ ગ્રેજ્યુએટ થયેલ હોય અને સારી નોકરી કરતી હોય ત્યારે સાસરામાં એના પિયરના સંસ્કાર કે પસંદગી પ્રમાણેનો સ્વભાવ હોતા કુટુંબમાં રહેવાની મુશ્કેલી પડે છે. આખરે દિકરીએ તો પત્ની, માતા અને દાદી-નાનીની જવાબદારી નિભાવવાની હોય છે.

કોઈ કહે કે દિકરી તો લગ્ન થતા પિયરનું બધું છોડીને સાસરે જાય છે. પરંતુ ના. આજના સંજોગોમાં જુના સંસ્કાર તેમજ પસંદગીઓને સાથે લાવે છે. આનો ઉકેલ શું? એ બધાને વિચાર કરતા થાય છે. લગ્ન થતાં ફક્ત દિકરા કે દિકરીનો સંબંધ બંધાતો નથી. બન્ને કુટુંબના સભ્યોના પણ સંબંધ બંધાય છે જે બધાએ સહયોગથી નિભાવવા પડે છે. કુટુંબ છે તો સમાજ છે અને સમાજ છે તો ધર્મ છે. ધર્મ પણ એક ફરજ બનાવવાનું કાર્ય છે. અને સાથે સાંસારીક જીવનની પણ ફરજ બજાવવી પડે છે. આપણું જીવનચક્ર એ પ્રમાણે નિભાવવું પડે છે. અત્યારનો આધુનિક જીવન પધ્ધતિ પ્રમાણેની પસંદગી અલગ-અલગ હોતાં મુશ્કેલીઓ સાથે બાંધછોડ કરવી જ પડે છે.

**– શરદભાઈ ડી. મહેશ્વરી** (વડોદરા)


કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com


## કાવ્ય-પ્રકાશ

### ધરીયા ગજ્યો

ધરીયા જે પટ તેં ઉભેલ તું
એનજી ખારાશ કે પ નેર
એનજો તળ-તલજી નેર
તો કે કુબેર સેં કંગાલ લગંધો.
ઉભેલ પેયા ઈશારો કરીએ.
નેરીંઘલ તું ન્યાર કેમ હેતરો પાણી!
તારણ તરીને ન્યાર
(ઉંડાણમાં ઉતરો, ઉપર-ઉપરથી જુઓ નહીં)

**- ભદ્રી પટેલ** (ભાંડુપ)

### રસોઈ શૉ

ટીવીમેં રસોઈ શૉ દેખ,
મુઁહમેં ભર આતા હૈ પાની
નયે પકવાન, નયે વ્યંજન શીખકર
મૈંને ભી બનાઈ રસોઈ સુહાની
ઘરવાલોનેં પુછા,
કબસે હો ગઈ? તુ ઈતની સયાની
મૈંને કહા,
જબસે હુઈ હું મૈં રસોઈ શૉ કી દિવાની
જી કરતા હૈ!
મૈં ભી રસોઈ શૉ મેં જાઉં સજધજ કે મૃગનયની

**-પારૂલ મિલન ધરમશી** (હુબલી)


### પ્રકાશ સમીક્ષાના જાહેરાત દર

| | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160x225 cm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160x111 cm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77x111 cm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77x54 cm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77x27 cm | - | ૩૫૦ |


### અગત્યની સુચના

પ્ર.સ. ના જાહેરખબર દાતાઓને વિનંતી છે કે જેમના પણ જા.ખ. બીલ બાકી હોય તેમણએ તુરંત મુંબઈ કાર્યાલયે CDO Prakash Samiksha ના નામે એટ પાર બેંક ચેક/ડ્રાફ્ટથી મોકલી આપવા. જેથી હિસાબો સમયસર પુરા કરવા સરળતા રહે.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

## ઝુકી તો જવાયને...

### સાસુ માના રૂપમાં...

શ્રી ઉત્તમચંદ લક્ષ્મીચંદ દંડ (લાલા-રાજકોટ)ના ધર્મપત્ની ગં.સ્વ. નવલબેન એક આદર્શ, વ્યવહારૂ અને સમજણનો સાથીયો. પરિવારપ્રેમી આ ઘરમાં સંતોષ અને શાંતિ. ઘરમાં ધર્મનું પણ પ્રાધાન્ય. સૌના હૈયે અરિહંતની આણ.

કર્મસંજોગે પાંચ જણાંના આ પરિવારનું સુખ કુદરતને ના ગમ્યું અને દુઃખદ ઘટનાઓની પરંપરા ચાલી. મોટા દિકરા પરેશનું એક દુર્ઘટનાએ મૃત્યુ થયું. બીજા પુત્ર અજયના છુટાછેડા થયા. લીલીવાડી ઉપર આફત ઉતરી આવી.

મોટા પુત્રના વહુ કુસુમબેન ઉપર સાસુ નવલબાઈ પુત્રી જેવો લાડ કરે. વિધવા કુસુમબેનનું દુઃખ જોઈ શકાય નહી. જુએ ને જીવ બાળે, રડે અને આશ્વાસન આપે. સાસુ પણ મા બને. આશ્વાસન આપે. પરિવારમાં મનોમંથન ચાલ્યું. નવલબેન વનને વટાવી ગયેલ. કુસુમબેન યુવાન હતા. જીંદગીની મોટી સફર આપણાં ઘરમાં કેમ પૂર્ણ થશે? જો કુસુમના લગ્ન કરાવી દે તો ઘરમાં ફક્ત મા-દિકરો રહે. વૃદ્ધાવસ્થા સુધી ઘરની જવાબદારી નવલબેન ઉપર આવે. શું કરવું? સમજને વરેલા મા. નવલબેન સૌ દુઃખોને સ્વીકારી વહુના સુખ માટે બાથ ભીડી. સ. ૨૦૧૦ના મે મહિનામાં સાસુમા ''મા'' બની વહુને ''દીકરી'' સમજી ઉચિત પાત્ર સ્થાને પોતાના હાથે લગ્ન કરાવી દીધા. કેવી ઉદારતા! કેવી સમજ! અનુમોદનીય વ્યવહાર દક્ષતા! આ સુધારક ઘટનાની નોંધ લઈ રાજકોટ સંઘના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાએ સંઘના સભ્યો સાથે મા. નવલબેનના ઘરે જઈ, ગળગળા થઈ ઉચિત ગૌરવ કર્યું. સમસ્ત મહાજનશ્રીએ આવી ઘટનાની નોંધ લીધી હશે. વિધવા સાસુ એક માના રૂપમાં જોવા મળી. એવી બીનાએ ઝૂકી તો જવાય ને?

**- લહેરચંદ વેલજી મૈશેરી** (ભાંડુપ)


**લગ્ન સંબંધી**

મુંબઈ સ્થિત ઉં.વ.-૨૫, ઉંચાઈ-5 ft. B.Com., PGDBM ભણેલી કુંવારી કન્યા માટે મુંબઈ અથવા Metro (મોટા) શહેર સ્થિત વેલ સેટલ્ડ કુંવારા યુવકના વડીલો સંપર્ક કરે.

Mob. : 09969344009




## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ ''તેજ'' ની અમૃતવાણી... (૨૧)

**- સોમ ધરમશી** (કચ્છ)

***''રાતજો ઘુસીએમેં જલેલી ઘુસ, પાં ઉગોજોં***
***ઠેઠ ગામ કે બારા, હલીને છડેં અચો,***
***પણ અંધર જે ઘુસીએ જા ઊંધર,***
***પાંણ વેંઢારેને વડા કરિયું''***

**શબ્દાર્થ :** ઘુસીઓ=ઉંદર પકડવાનું સાધન ઘુસ=ઉંદર, ઉગો=સવારનાં, અંધર જે=અહીંયા મનનાં, વેંઢારે= ઉછેર કરી, પાલનપોષણ કરી, વડા=મોટા.

**ભાવાર્થ :** હાલમાં જ રાજસ્થાનના ચિત્તોડગઢ રાણકપુર પાસે બે અભ્યારણની મુલાકાત લેવાનો મોકો મળ્યો જ્યાં પ્રવેશદ્વાર પર સૂચના કોતરાયેલ હતી. ''વન્ય પ્રાણીઓથી ચેતતા રહેવું.''

પર્યાવરણની સમતોલના માટે તેમજ આપણા વિશિષ્ટ પ્રાણીઓના અસિત્ત્વ જોખમમાં છે. ત્યારે વન્યપ્રાણીઓ અભય બની, મુક્ત રહી વિચરી શકે તે માટે અભ્યારણોના નિર્માણ કરવામાં આવ્યા છે. વન્યજીવો પોતાનું જીવનનિર્વાણ કુદરતી રીતે પોતાની ખાસીયત મુજબ કરતા રહ્યા છે. પણ માનવ પશુઓને તેનો શિકાર, સંહાર કે અન્ય રીતે તેને કનડવા લાગ્યો એટલે અભ્યારણોના નિર્માણ અનિવાર્ય થયા. ''પ્રાણીઓથી ચેતતા રહેવુ.'' ઉપરોક્ત પંક્તિમાં સમાયેલ સુચનાથી કવિશ્રી તેજની મર્મભરી પંક્તિઓ યાદ આવી.

અભ્યારણમાં નાચતા-કુદતાં હરણ, સાબર, સસલા, શિયાળ અને ભારભાતનાં રંગીન પક્ષીઓ અને તેમના કલવર હૃદયને સ્પર્શી ગયા. માર્મિક રીતે કવિ સમજાવે છે કે, રાતના પકડાયેલ ઉંદરને સવારનાં આપણે ચાલીને છેક ગામ બહાર છોડી આવીએ છીએ. પણ આપણાં મનના સવારનાં આપણે પાંજરામાં પુરાયેલા ઉંદરરૂપી કામ, ક્રોધ, મોહ અને માયાને લાલન-પાલન કરી લાડ લડાવી ઉછેરીએ છીએ.

ઉંદર ફુંક મારી ફોલી ફોલી આપણી ચામડી કતરડી ખાય છે. તેમ ઉપર દર્શાવેલ કષાયો તેમની જાળમાં લપેટી લે છે, જેની આપણને ખબર પણ ન પડે, અને પડે છે ત્યારે ઘણું મોડું થયું હોય છે. આ ઉંદરોને પણ મનરૂપી પાંજરામાંથી ઝડપથી બહાર મુકી આવવા કવિ નિર્દેશ કરે છે.

ઉત્તમ આધ્યાત્મિક પ્રસંગોને સુંદર ઉપમા આપી, સરખામણી કરી માર્મિક રીતે રજુ કરવાનો કસબ, કવિશ્રી તેજને સહજ છે તે તો તેમના સમગ્ર કાવ્યસંગ્રહોમાંથી પસાર થતાં જ સમજાય અને પુલકિત થઈ જવાય.

# પરબ

શક્તિ સંજીવની સોસાયટી

રજી. કાર્યાલય : જયંતવિલા, હીંગવાલા લેન, કોર્નર ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ), મુંબઈ-૪૦૦૦૭૭.

**પરબ સહર્ષ રજુ કરે છે...**

**આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે જ્ઞાતિ બહેનો માટે ઉપયોગી કાર્યક્રમ**

## THE VISION 2013 - 'કાર્યેષુ મંત્રી'...

**દિવસ : તા. ૮.૩.૧૩ સવારે ૧૨.૪૫ થી સાંજે ૭.૦૦ સુધી**

**સ્થળ : શ્રી નારાયણ શામજી મહાજનવાડી, માટુંગા, મુંબઈ - ૪૦૦ ૦૧૯.**

**અતિથીવિશેષ : 'ભારત જ્યોતિ' ડૉ. યોગિની વેરશી મૈશેરી**

(M.D. Medicine & Chest, Ph.D. Applied Biology & Jainology)

**કાર્યક્રમ ઝલક : સ્વયં સંરક્ષણ તાલીમ, પેઈન મેનેજમેન્ટ, અવયવ દાન/દેહ દાન**
**લાઈફ ઈઝ બ્યુટીફુલ કલ આજ ઔર કલ...**
**1) Self Defence, 2) Pain management, 3) Organs Donation**
**4) Life is Beautiful, 5) Kal Aaj Aur Kal 6) Kitchen Garder (City Farming)**

આજના દોડધામ અને ટેન્શનમાં જમાનામાં અલર્ટ, સ્વાસ્થ્ય માટેની જાગૃતી, સ્વબચાવ માટેની કાર્યશાળા, દરેક દુઃખાવા માટેની સમજ-ઉપચાર, જીંદગીના આ અમુલ્ય વરસોને સુંદર ઉપયોગી બનાવવા માટે હસતા-રમતા જ્ઞાનવર્ધક રમત-ગમત, જનરેશન ગેમની સમસ્યાઓ...

મમ્મી-પપ્પા સાથે વડીલોની જરાબદારીઓ, ઘરની નાનકડી જગ્યામાં સ્વાસ્થ્ય માટે ઉપયોગી બગીચો અને એવું ઘણું બધું... આ સર્વ જાણવા-માણવા આજેજ રજીસ્ટ્રેશન કરાવો. વહેલોતે પહેલોના ધોરણ **'પરબ'** ના ટ્રસ્ટીઓનો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવશો.

(કાર્યક્રમ બાદ : સંભારણું (ભેટ) વિતરણ અને ચા પાણી અલ્પાહાર રહેશે.)

### રજીસ્ટ્રેશન / પુછપરછ

**જયશ્રીબેન દંડ**-9892215560 ● **દમયંતીબેન લોડાયા** ● **ઈંદીરાબેન વિકમશી**
**મધુરીબેન લાપસીયા** ● **કાશ્મિરાબેન લુઠીયા**-982165772 ● **મીનાબેન શાહ**-9820566306
**તરલાબેન ધુલ્લા**-9820281919 ● **પારૂલબેન મોતા**-9322280529 ●
**દત્તાબેન ખીમજી**-9820032882 **પુષ્પાબેન ખોના**-9322262521 ● **ચંદનબેન મોમાયા**
**મધુરીબેન લોડાયા** **લીનાબેન કાયાણી**-9820926699 ● **મીરાબેન મોમાયા**-022-27660263

### કાયમી પ્રોજેક્ટસ :

પરબ સંચાલિત **શ્રી લખલક્ષ્મી લુઠીયા જનસહાયક ફંડ** પ્રેરીત

૧) **અનાજ-મસાલા વિતરણ**-અનંતછાયા મધ્યે તા. ૩-૪ એપ્રિલ ૨૦૧૩ બુધવાર-ગુરૂવારના.

૨) ફોર્ટીસ હોસ્પિટલમાં ફુલબોડી ચેકઅપ રૂા. ૨,૫૨૫/-માં.

૩) જ્યુપીટર હોસ્પિટલમાં ફુલબોડી ચેકઅપ 2D Echo અને સ્ટ્રેસ ટેસ્ટ સાથે રૂા. ૪,૧૦૦/-

**ફોર્ટીસ તથા જ્યુપીટરમાં બોડીચેકના રજીસ્ટ્રેશન માટે સંપર્ક : જયશ્રીબેન દંડ-9892215560**

## -: સુચના :-

- 'પ્રકાશ સમીક્ષા'માં પ્રકાશિત કરવા માટે મોકલાતી માહિતી (સમાચાર, ચર્ચાપત્ર, લેખ, કાવ્ય, જીવનચક્ર નોંધ, ઉપયોગી માહિતી વગેરે ટૂંકમાં મુદ્દાસર પાનાની એક જ બાજુએ સુવાચ્ય અક્ષરે નામ, સરનામા, ફોન, ઈ-મેઈલ સહ લખી મોકલવી. ઝેરોક્ષ કોપી મોકલવી નહીં.
- ઈ-મેઈલથી મોકલેલ માહિતી છતાં લેખિત નકલ મોકલવી જરૂરી છે. E-mail મોકલ્યાનો SMS/ ફોન 9820808077 પર કરવો.
- સ્વીકારાયેલ/ન સ્વીકારાયેલ લેખ કે માહિતી પરત અપાતા નથી.
- છપાયેલ મેટર માત્ર એક માસ સુધી સચવાશે, તે પછી નિકાલ કરાશે.
- લાંબાલચક, અપ્રસ્તુત વર્ણનવાળા, બીનજરૂરી માહિતીવાળા કે આત્મશ્લાઘાવાળા જ્ઞાતિને ન સ્પર્શતા અને બીનઉપયોગી લેખ અસ્વીકારને પાત્ર કે કાપકુપને પાત્ર ઠરશે.
- જ્ઞાતિને સ્પર્શતા સમાચારો/માહિતી જ્ઞાતિની જાણકારી માટે દરેક સંસ્થાએ નિયમિત સમયસર મોકલવી. એ જાણવાનો જ્ઞાતિનો હક્ક છે અને દરેક સંસ્થાની/કાર્યકરની તે મોકલવાની ફરજ છે.
- પ્ર.સ. સાપ્તાહિક માટેની દરેક વિગત દર **મંગળવાર સાંજ** સુધી મળી જાય તેમ મોકલવી એ પછી મળતી માહિતી આગામી અંક માટે ક્રમશઃ લેવાશે.
- લેખ/માહિતી જા.ખ. ચોક્કસ જગ્યા કે જલ્દી લેવા કોઈ આગ્રહ કે સંવાદને સ્થાન રહેશે નહીં.
- સરનામા બદલી વખતે જુનું સરનામાંની વિગત આપવી જરૂરી રહેશે.
- જાહેરખબરોમાં આવતા વિધાન-દાવા બાબત પ્ર.સ. સમિતિ જવાબદાર નથી.
- અંકના સ્ટીકર ચેક કરી ફેરફાર હોય તો લખી જણાવવું.
- કોર્ટથી લીધેલા છુટાછેડાની જ ખબર છપાશે. કોર્ટ ડીક્રીની નકલ ચૂકાદા સાથે મોકલવી. પરસ્પર સંમતિના કરાર કાયદેસર ગણાતા નથી.

## વરાડીયા-મોમાયા

સહર્ષ જણાવવાનું કે, **વરાડીયા** ગામમાં બિરાજમાન **મોમાયા** કુળના શ્રી મોમાઈ માંની વર્ષગાંઠ (ધજા) મહા સુદ પૂનમ તા. **૨૫.૨.૧૩**ના તથા મહા વદ એકમ તા. **૨૬.૨.૧૩**ના એક દિવસના ચંડીપાઠનું આયોજન કરેલ છે.

તો સર્વે વરાડીયા ગામના મોમાયા કુળના ભાવિકો તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

: સંપર્ક :

**ભોઈમા - 9821964461**

**પ્રફુલ મોમાયા - 9320151550**

**દિપેશ મોમાયા - 9819753161**

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જન્મ ૧૦.૮.૧૯૩૭



અરિહંતશરણ ૧૯.૨.૨૦૧૨

**સ્વ. પ્રેમીલા જેઠાભાઈ પુનશી મોમાયા**

(સાંયરા-થાણા)

આપની વિદાયને આજે એક વર્ષ થયું આપના જવાથી ખાલીપો અનુભવીએ છીએ. આપની સંસ્કાર મુડી સાથે આગળ વધીએ છીએ. આપના આત્માને પરમ શાંતિ મળે એજ પ્રાર્થના...

**: શોકાતુર :**

દીકરી : **પુષ્પા જેઠાભાઈ મોમાયા**

દીકરી-જમાઈ : **સૌ. ઉર્મીલા નિરંજન લોડાયા**

**સૌ. તૃપ્તી પરેશ મહેતા**

દોહિત્રી : **સૌ. ભાવિતા જેકી મહેશ્વરી**

**કુ. પુજા પરેશ મહેતા**

# શ્રી ક.દ.ઓ. જી.વી.સી. સંઘ

*ના ઉપક્રમે*

## આનંદ ભયો ! આનંદ ભયો !! અનંતછાયા માં આનંદ ભયો !!!

"સકલ સંઘોના પગલે પાવન થયું અનંતછાયાનું આંગણું,
દિક્ષાર્થીઓની અનુમોદનાનું લાભ મળ્યું અતિ ગણું"



મુમુક્ષુ બહેનો

ચંદન શીતલ છે, તે કરતાં ચંદ્ર શીતલ છે. પરંતુ ચંદન અને ચંદ્ર કરતાં અધીક શીતલ છે શ્રમણ-શ્રમણી ભગવંતો. આવા પરમેષ્ઠિના પાંચમા પદે બિરાજમાન થવા, સઘળા સંસારને ત્યાગીને પ્રવજ્યાના પંથે પગલા પાડનાર પાંચ પાંચ મુમુક્ષુ આત્માઓની અનુમોદના કરવા, બહુમાન માટે આદરેલા KDO GVC સંઘના પ્રયાસને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. ત્રિદિવસીય મહોત્સવની સફળતા માં દાદા અનંતનાથ ની છાયા અને સૌના લાડીલા ગુરૂદેવ તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ની વરસતી અનાધાર આશિષ અને સાધ્વી મુખ્યા પ.પૂ. શ્રી રત્નરેખાશ્રીજી મ.સા., તેમજ પ.પૂ. શ્રી ચારૂલતલાશ્રીજી મ.સા. ના સુશિષ્યા પ.પૂ. શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ. શ્રી ગુણમાલાશ્રીજી મ.સા. આદિ ઠાણાઓની શુભનિશ્રાએ પાયાના પથ્થર રૂપ હતી.



સાધ્વી ભગવંતો

શ્રી ક.દ.ઓ. જી.વી.સી. સંઘની કાર્યદક્ષ આગેવાની હેઠળ દરેક ભાગ્યશાળી સભ્યો. કન્યા છાત્રાલય, બોર્ડિંગના બાળકો એ કાર્યક્રમને સારી રીતે દીપાવ્યું અને જ્ઞાતિજનો, સ્નેહિજનો અને પાડોશી બંધુઓએ દરેક પ્રોગ્રામ માં હાજરી આપીને સૌના ઉત્સાહમાં પ્રાણ પુર્યા હતા.



કાર્યક્રમમાં ઉપસ્થિત
પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી મ.સા.
તથા મહાનુભાવો.

તા. ૪/૧/૨૦૧૩ ના શ્રી અજીતભાઈ પંડિતજીએ સંયમધર્મને સમજાવતી ચારિત્ર વંદનાવલી સુંદર રીતે કરાવેલ.



શ્રી તારાચંદભાઈ છેડાનું અભિવાદન કરતાં શ્રી સમીરભાઈ નાગડા, શ્રી પ્રકાશભાઈ મહેતા, શ્રી નયનભાઈ ભેદા, શ્રી કિરીટભાઈ સોમૈયા તથા શ્રી રમેશભાઈ મોરબિયા

તા. ૫/૧/૨૦૧૩ ને શનિવાર ના રોજ મુમુક્ષુ કુ. રૂચીબેન, મુમુક્ષુ કુ. નિરાલીબેન, મુમુક્ષુ કુ. પુનમબેન, મુમુક્ષુ કુ. કોમલબેન અને મુમુક્ષુ કુ. દિશાબેન ના બહુમાન પ્રસંગે ૧૮ પાપસ્થાનક સંવેદનાના અવસરે શ્રી ઉત્તમભાઈ છેડા ના સથવારે કચ્છના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, શ્રી પ્રકાશભાઈ મહેતા, વિધાનસભ્ય શ્રી કિરીટ સોમૈયા અતિથિ વિશેષ તરીકે પધારીને સોનામાં સુગંધ ભેળવી હતી. તેઓશ્રીના વરદ્હસ્તે મુમુક્ષુઓનું શાનદાર બહુમાન પણ કરવામાં આવેલું.



કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રી સંઘના ભાઈઓ

તા. ૬/૧/૨૦૧૩ ના રવિવાર ની સલુણી સવારે દીક્ષાર્થીઓના વરસીદાન ના વરઘોડામાં તો અનોખું, નિરાળું અને અદ્વિતિય વરસીદાન થયું. જેમાં અનંતછાયાના પ્રાંગણમાં અનંત સમર્પણ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા પરિવાર ના શુભસહયોગથી દિક્ષાર્થીઓને ચાંદીના સિક્કા આપીને વરસીદાનના વરઘોડેને ગ્રીન સીગ્નલ અપાઈ હતી. વરઘોડામાં પ્રભુજીને પધરાવવાનું ચડાવો ૧,૨૫,૦૦૦ મણમાં શેઠ શ્રી ગીરધરલાલભાઈ એ તેમજ સારથી બનીને રથમાં બેસવાનું ૩૬,૦૦૦ મણ અને પ્રભુજી ની સાથે દીક્ષાર્થી ઓને પોંખવાનો ચડાવો૮૧.૦૦૦ મણમાં બન્ને ચડાવા શ્રેષ્ઠિવર્ય શ્રી ચાંપશીભાઈ માણેકજી (C.M. Shah) પરિવારે ઉછળતા ભાવે લીધેલ. વરઘોડામાં ગામવાસીઓ તથા આમંત્રિતો એ લગભગ ૧૨૦૦ ની બહોળી સંખ્યામાં હાજર રહીને વરઘોડાની રોનક માણી હતી. નાના-નાના બાળકોએ પોતાની પ્રતિભા દર્શાવતું વેશભૂષા કરેલ અને વરઘોડામાં જોડાયેલા. સંઘ દરેક કાર્યદક્ષ કાર્યકર્તા, દાનેશ્વરી દાતા, મોંઘેરા મહેમાનો અને દરેક સભ્યોની ભુરી ભુરી અનુમોદના કરે છે.



કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિની બહેનો

# 'બાવનગજા' - દુનિયાની ઊંચામાં ઊંચી મૂર્તિ

-પ્રવીણ ખોના

મધ્ય પ્રદેશમાં બડવાનીથી ૭ કી.મી. મૂલગિરિ સ્થિત પર્વત પર આદિશ્વરજી ભગવાનની ૮૪ ફૂટ ઊંચી પ્રતિમાજી કંડારેલ છે. એ દિગમ્બર તીર્થ છે. આ મૂર્તિ દુનિયાની ઊંચામાં ઊંચી મૂર્તી છે. આ એક દુનિયાની અજાયબી છે. એ દૃષ્ટિએ પણ એને જોવાની તક ઝડપી લેવી જોઈએ. આ મૂર્તિની વિશેષતા એ છે કે એ મૂર્તી પહાડના એકજ પત્થરમાંથી કોતરી કાઢવામાં આવેલ છે. આટલી વિશાળ મૂર્તિ જગતમાં ક્યાંય નથી.

એની ઊંચાઈ બાવન ગજની હોવાથી એ 'બાવનગજા' ના નામે ઓળખાય છે. એક ગજ બરોબર દોઢ ફૂટ એ પ્રમાણે એની ઊંચાઈ ૮૪ ફૂટની છે આ મૂર્તી કાયોત્સર્ગ મુદ્રામાં છે.



શ્રવણ બેલગોળા પાસે આવેલ બાહુબલીજીની મૂર્તી સત્તાવન ફૂટ ઊંચી છે. શ્રવણબેલગોળાની મૂર્તી આરસના પથ્થરમાંથી કંડારવામાં આવેલ છે, અને તે કોઈ આધાર વગર ઊભી છે. જ્યારે બાવનગજની આ ૮૪ ફૂટની મૂર્તી પર્વતના એકજ પથ્થરમાંથી કંડારવામાં આવી છે, જે પર્વત સાથે જોડાયેલ છે. આ મૂર્તીની વિશાળતાનો અંદાજ ત્યારે જ આવશે જ્યારે એના કંડારેલા અંગોનો પરિચય થાય.

મૂર્તીની ઊંચાઈ ૮૪ ફૂટ, એક ભૂજાથી બીજી ભૂજાનું અંતર ૨૯ ફૂટ ૬ ઈંચ. ભૂજાથી આંગળીની ઊંચાઈ ૪૬ ફૂટ ૨ ઈંચ, કમરથી એડી સુધીની ઊંચાઈ ૩૭ ફૂટ, મસ્તકનો ઘેરાવો ૨૬ ફૂટ, પગની લંબાઈ ૧૩ ફૂટ ૯ ઈંચ, નાકની લંબાઈ ૩ ફૂટ ૧૧ ઈંચ, આંખની લંબાઈ ૩ ફૂટ ૩ ઈંચ, કાનની લંબાઈ ૯ ફૂટ ૮ ઈંચ, એક કાનથી બીજા કાન સુધીનું અંતર ૧૭ ફૂટ ૬ ઈંચ, પગના પંજાની પહોળાઈ ૫ ફૂટ.

મૂર્તીના વિશાળ અંગો ખ્યાલમાં લેતા મૂર્તિની વિશાળતાનો ખ્યાલ આવશે. શિલ્પકલાનો આ એક ઉત્કૃષ્ટ નમૂનો છે. મૂર્તીના આ સર્વે અંગો સપ્રમાણ છે. એને કંડારવા માટે કેટલો ઊંચો માંચડો બાંધવામાં આવેલ હશે. અને એ મૂર્તી કંડારતા પહેલાં એની ડીઝાઈન કેટલી ચોક્કસાઈથી તૈયાર કરવામાં આવેલ હશે, તે વિચારતાં અચંબામાં પડી જવાય.

આ મૂર્તીની ઊંચાઈની વિશાળતાના કારણે ઘણા કી.મી. દૂરથી એ દ્રશ્યમાન થાય છે. તળેટીમાંથી મૂર્તી પાસે પહોંચવા તળેટીથી પગથિયાં બનાવવામાં આવેલ છે. તળેટી ઉપર પહોંચતાં આશરે અડધા કલાક જેટલો સમય લાગે છે.

એ દિગમ્બર પરંપરાની મૂર્તીનો અભિષેક વર્ષમાં એકજ વખત થાય છે. ત્યારે ઉત્સવ અને મેળો યોજાય છે.

આ મૂર્તીના ઈતિહાસ તરફ જરા નજર : આ મૂર્તી પર કોઈ શીલાલેખ કે લેખ નથી. તેથી એ ક્યારે અને કોના દ્વારા કંડારવામાં આવેલ. કોણે પ્રતિષ્ઠા કરેલ અને ક્યારે પ્રતિષ્ઠા થઈ એની કોઈ વિગત મળતી નથી. એના શિલ્પીઓ કોણ હતા તેની પણ કોઈ વિગત મળતી નથી.

આ મૂર્તી ઈશુની ૧૧મી સદીમાં કંડારવામાં આવેલ હશે. તેમ અનુમાન કરાય છે. ૧૩મી સદીમાં થઈ ગયેલ યતિ મદનકીર્તિએ પોતાના એક ગ્રંથમાં આ મૂર્તીનો ઉલ્લેખ કરેલ છે. એટલે એ મૂર્તી એથી પૂરાણી જ હશે. યતિશ્રીએ પોતાના ગ્રંથમાં અર્કકીર્તિ નામના કોઈ રાજાએ બનાવેલ છે એ પ્રકારનો ઉલ્લેખ છે. વધુ વિગત મળતી નથી.

મુલગિરી પર્વત પર અને આ મૂર્તીની આજુબાજુ અનેક દિગમ્બર મંદિરો આવેલા છે. એક મંદિરમાં સંવત ૧૨૨૩ (સન ૧૧૬૬) ના ભાદરવા વદી ૧૪ શુક્રવારના દિનનો શીલાલેખ લગાડવામાં આવેલ છે. એના ઉપરથી આ મૂર્તી એનાથી પણ પુરાણી હશે એવો અંદાજ બાંધી શકાય.

સંવત ૧૫૧૬ના માગસર વદી ૯ના ભટ્ટારક રત્નકીર્તિએ એ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલ એ પ્રમાણેનો એક શીલાલેખ છે.

મુસ્લિમકાળ દરમ્યાન ઘણા લાંબા સમય સુધી આ મૂર્તી ઉપેક્ષીત રહી. એને તડકા અને વરસાદથી બચાવવા માટે કોઈ વ્યવસ્થા ન હતી.

જૈનો દ્વારા આ મૂર્તીની ઉપેક્ષાના કારણે વૈષ્ણવ સમાજ દ્વારા આ વિશાળ મૂર્તિ હસ્તગત કરવામાં આવેલ. પરંતુ થોડા સમય બાદ જૈનો (દિગંબર) જાગ્યા અને

એનો કબજો લેવા સંવત ૧૭૪૨માં કેસ કરેલ. જેમાં ચુકાદો સંવત ૧૭૫૮માં જૈનોની તરફેણમાં આવ્યો. મહારાજ રણજીતસિંહની માતા ધનકુંવર મહારાણીએ આ મૂર્તી પર દિગંબર જૈનોના અધિકારને માન્ય રાખેલ. અને વૈષ્ણવ સમાજને સંતોષ આપવા માટે તેમને નર્મદા નદીના કિનારે બડવાનીથી ૩ માઈલ દૂર દત્તાત્રેયનું સુંદર મંદિર બંધાવી આપ્યું.

મૂર્તીની આસપાસ તથા એ મૂર્તીથી વધુ ઊંચાઈએ અનેક મંદિરો (દિગમ્બર) આવેલા છે તથા નાના કદની અનેક કાઉસગીયા મૂર્તીઓ અસ્તિત્વમાં છે. દિગમ્બર પરંપરા અનુસાર એમનું પૂજન અર્ચન થાય છે.

પર્વતની તળેટીમાં પણ થોડા દિગમ્બર મંદિરો છે તથા પાંચ ધર્મશાળાઓ અને ૫ ગેસ્ટહાઉસ પણ છે. દર વર્ષે પોષ સુદી ૮ થી ૧૫ સુધી તળેટીમાં મેળો યોજાય છે. પોષ સુદી ચૌદસના સર્વ મંદિરો પર ધ્વજારોહણ કરવામાં આવે છે. પગથિયા તથા મંચ બાંધીને ૮૪ ફૂટ ઊંચી મૂર્તીનો અભિષેક કરવાની સગવડ છે. સંવત ૧૯૩૯ તથા ૧૯૮૭ માં થયેલ મેળા વખતે મૂર્તીની દિગમ્બર પરંપરા અનુસાર પંચકલ્યાણક પ્રતિષ્ઠા કરવામાં આવેલ. ૬ ફેબ્રુઆરી ૨૦૦૮ના દિને મહામસ્તિકાભિષેક કરવામાં આવેલ.

મૂલગિરિ પર્વત એક સિધ્ધક્ષેત્ર છે. જ્યાંથી રામ-રાવણના યુધ્ધ બાદ રાવણના ભાઈ કુંભકર્ણ તથા રાવણના પુત્ર ઈંદ્રજીત તથા અન્ય કઈક મુનિઓ મોક્ષે ગયા છે. કેટલાય પંડીતો અને કવિઓએ આ ક્ષેત્રનું ગુણગાન ગાતી કૃતિઓ રચી છે.

જગતની વિશાળમાં વિશાળ આ મૂર્તિ જગપ્રસિદ્ધી પામેલ નથી. એને દુનિયાની એક અજાયબી તરીકે સામેલ કરી શકાય. મૂર્તી દિગંબર પરંપરાની હોવા છતાંય એક અજાયબી તરીકે એની મુલાકાત લેવી આવશ્યક છે.

આજુબાજુમાં અનેક શ્વેતાંબરીય તીર્થો આવેલા છે. અહીંથી વડોદરાના માર્ગ પર લક્ષ્મણજી તીર્થ છે. જે અલીરાજપૂરથી ૮ કી.મી. દૂર છે. અલીરાજપુર પછી વડોદરા જવા ભીલ એરીયા ચાલુ થઈ જાય છે. જે જંગલમાં આવેલ છે. રાતની મુસાફરી અનિચ્છનીય છે. દિવસે પણ ૮ થી ૧૦ ગાડીનો કાફલો થાય ત્યારે પોલીસ સંરક્ષણ હેઠળ જંગલમાં મુસાફરી કરીને વડોદરા પહોંચી શકાય છે. તે ઉપરાંત આજુબાજુમાં તાલનપુર, મોહનખેડા, ધાર, કુક્ષી, વગેરે તીર્થો આવેલા છે. માંડવ, ઉજ્જૈન, ઈંદોર, નાગેશ્વર, ભોપાવર, ઉન્હેલ, મક્ષીજી, વગેરે તીર્થોને પણ યાત્રમાં સામેલ કરી શકાય. મધ્યપ્રદેશના રહેવાસીઓ તથા મધ્યપ્રદેશની યાત્રાએ જતા લોકોએ આ તીર્થની યાત્રા અવશ્ય કરવી

## ઝુકી તો જવાયને...

### માનવતાની સગાઈ

શા. દિનેશચંદ કુંવરજી લોડાયા-(સાંયરા-ગદગ) ના ચિ. ઋષભનાં શુભ લગ્ન પ્રસંગે જાન તા. ૧૪.૧૨.૧૨ના વહેલી સવારે રવાના થઈ રાતનાં ખામગામ પહોંચેલ. ત્યાં લગ્ન કાર્યક્રમ સંપન્ન કરી, તા. ૧૬.૧૨.૧૨ ગદગ આવવા પ્રસ્થાન કરેલ. એક લક્ઝરી બસ તથા એક કારમાં જાનૈયાઓ હતા. તા. ૧૭.૧૨ વહેલી સવારનાં જ કર્ણાટકના આલમટી ડેમ આસપાસ નીડગુંદી ગામ નજીક સવારના ૬ વાગે કાર સ્કીડ થઈ જતા બાજુના ખેતરમાં ફંગોળાઈ ગયેલ. કારમાં બેઠેલ ગદગના યુવાન શ્રી ધરણેન્દ્ર રમેશ લોડાયા (ઉ.વ.૩૪)નું સ્થળ પર જ મૃત્યુ થયેલ અને કાર ચલાવતા શ્રી દિનેશભાઈના મોટા પુત્ર સિધ્ધાર્થ તથા પુત્રવધુ બીનાને ગંભીર ઈજાઓ થઈ. સદનસીબે તે જ સમયે ત્યાંથી એક એમ્બ્યુલન્સ પસાર થતી હતી તેમાં બન્ને ઈજાગ્રસ્તોને લઈ ૪૫ કિ.મી. દૂર બાગલકોટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. અકસ્માતના સમાચાર મળ્યા કે તરત બાગલકોટનાં આપણાં કચ્છી, રાજસ્થાની ભાઈઓ મદદે દોડી આવ્યા. બસનાં પેસેન્જર્સ તેમજ અન્ય આવી પહોંચેલ મહેમાનો માટે ચા-નાસ્તા તથા જમણવારની વ્યવસ્થા કરેલ. રાજસ્થાની સમાજનાં આગેવાન શ્રી સુનિલ કોઠારીની ઓળખાણથી ઈજાગ્રસ્તોને તુરંત ટ્રીટમેન્ટ ચાલુ થયેલ. અકસ્માતના સ્થળે અરિહંતશરણ પામેલ શ્રી ધરણેન્દ્રભાઈનાં પાર્થિવ દેહને ગદગ લઈ જવા, પોસ્ટમોર્ટમ, પોલીસ કાર્યવાહી વિધિઓ ખૂબજ સરળતાથી પતાવી હુકમચંદભાઈ, નીતિનભાઈ, પદમશીભાઈ, ચંદુભાઈ, ગુલાબભાઈના પરિવારો સેવા માટે ખડે પગે ઊભા રહ્યા અને આ ભયાનક અકસ્માત પછીની પરિસ્થિતિ થાળે પાડવામાં ખૂબ મદદરૂપ થયા. એમની માનવ સેવાની કદર કરીએ એટલી ઓછી છે. રાજસ્થાની ભાઈઓ પણ ભેદભાવ વગર કલાકો સુધી આ રાહતકાર્યમાં સાથે રહ્યા.

આવા કપરા સમયે સમયનો ભોગ આપી સંતપ્ત પરિવારોને દરેક રીતે મદદરૂપ થનાર ભાઈઓની માનવતા અને લાગણી પ્રત્યે ઝુકી તો જવાય ને? ધન્ય છે આવા મહાજનશ્રીનાં સેવાભાવી સભ્યો તથા પરિવારોને..

- **હરીશ મુનવર** (ગદગ)

## પાસ થયા-હાર્દિક અભિનંદન



**કુ. મેહલ મહેશ ધરમશી**-C.A.
(ડોંબીવલી)

## સમગ્ર ભારતમાં પ્રત્યેક જિનાલયોમાં સાલગીરી ઉપર વરસોવરસ ધજાઓ બનાવવાની ભક્તિનો લાભ આપો

સમગ્ર ભારતમાં શ્રી ધજાઓની ભક્તિ કરતી સંસ્થા

૧. આ સંસ્થા શાસ્ત્રીય માપ પ્રમાણે આચાર્ય ભગવંતો પાસેથી માર્ગદર્શન મેળવી અતિ સુંદર - ટકાઉ - કલાત્મક - અષ્ટમંગલ - સિદ્ધશિલા - સૂર્ય - ચંદ્ર જેવા વિશિષ્ટ ચિહ્નો સાથે ધજાઓ બનાવે છે. જે એક વર્ષ સુધી ટકી શકશે. પ્રથમ ધજાના માપ આપો, આપને નિઃશુલ્ક આપની સાલગિરી પહેલાં આપને ધજા મોકલી આપીશું

૨. ધજાની ભક્તિ અમો વિના મૂલ્યે કરીએ છીએ તેમ છતાં આપશ્રીને વિના મૂલ્યે ન લેવી હોય તો આપશ્રી જે રકમ આપશો તે રકમ સંસ્થા સ્વીકારશે, આપની જે રકમ આવશે તે ધજાઓમાં જ વપરાશે.

ખાસ નોંધ : દેવદ્રવ્ય ખાતામાંથી રકમ સ્વીકારતાં નથી.

૩. એક વખત માપ આપ્યા પછી આપનો સંઘ અમારી સંસ્થા સાથે કાયમ માટે સંકળાયેલો રહેશે તેની પૂરતી ખાતરી આપીએ છીએ.



### શ્રી જિનશાસન ભક્તિ ટ્રસ્ટ
### Shree Jinshasan Bhakti Trust



ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નં. E/19490/અમદાવાદ


મુખ્ય કાર્યાલય :
21/122, વિજયનગર હાઉસિંગ કૉલોની, રેલ્વે ફાટકની બાજુમાં,
જૈન દેરાસરની સામે, નારણપુરા, અમદાવાદ - 380013
ફોન /ફેક્ષ નં. (079) 2754 0223. (મો.) 09328070214 (નવીન ગાંધી)


ઉપરના સરનામે આપશ્રીના શ્રીસંઘના લેટર પેડ ઉપર નીચેની વિગત મોકલવા વિનંતી છે.

(૧) ગામનું નામ, (૨) મૂળનાયક પરમાત્માનું નામ તથા સાલગિરી તિથિમાં, (૩) વહીવટકર્તાનું પૂરેપૂરું સરનામું ટેલિફોન સાથે, (૪) મૂળનાયક પરમાત્માનો ફોટો મોકલાવો તો પરિકરની વ્યવસ્થાનો અમને ખ્યાલ આવે. (૫) મૂળનાયક પરમાત્માને પરિકર હોય તો (લાલ - સફેદ - લાલ) અને પરિકર ન હોય તો (સફેદ - લાલ - સફેદ) એ પ્રમાણે ધજા થશે. (૬) ધજાઓની લંબાઈ - પહોળાઈ ઈંચમાં જ આપવી. (૭) મૂળનાયક પરમાત્મા સિવાય અન્ય ધજા હોય તો તેની પૂરેપૂરી વિગત આપવી. આપના દેરાસરમાં જેટલી ધજાઓ હોય તેટલી બધી જ આપીએ છીએ. (૮) ધજાના માપ માટે કવર, પોસ્ટ અથવા કુરિયરમાં મોકલ્યા પછી અમારો મો. નં. 093280 70214 અમદાવાદ ખાતે સંપર્ક સાધવા નમ્ર વિનંતી છે. (૯) સત્વરે આપ ધજાના માપ જલદી મોકલાવો, જેથી ટાઈમસર ધજાઓ બની શકે અને મળી શકે.




## પારસમણિનો પરિચય

મુંબઈ મહાજન પ્રકાશિત ડિસેમ્બર-૧૨ના 'કેડીઓ વર્લ્ડ'ના અંકમાં રાપરગઢવારીના જ્ઞાતિના અગ્રણી ઉદ્યોગપતિ તેમજ ધર્મિષ્ઠ શ્રાવક શ્રી હિતેષભાઈ માણેકજી મોતાના પરિવારનો લેખ વાંચી ગદ્‌ગદ્ થયો અને મનન કરતાં વિચાર આવ્યો કે શ્રી હિતેષભાઈના જીવનમાં આમુલ પરિવર્તનના પ્રેરક ગુરુદેવ શ્રીમદ્ વિજયયોગતિલકસુરીશ્વરજી મ.સા. માત્ર સદ્‌ગુરુ નહિ, કિંતુ સાર્થક જીવન પાથેયના પ્રેરક પારસમણિ બન્યા છે.

તેમનો પરિચય પામવો સારો. તેમનું જીવન-કથન માહિતી સભર ઉપલબ્ધ કરી તસ્વીર સાથે પ્રકાશિત કરશો તો મારા જેવા ધર્મપિપાસુ વાચકોને સન્માર્ગની દીવાદાંડીની ગરજ સારશે.

**મુલુંડ, ૨૩.૧.૧૩ - કાંતિલાલ કેશવજી મોતા**

## '૧૯૬૭ની પાવાગઢયાત્રા'-સાચી હકીકત

હાલમાં પ્રસિદ્ધ થયેલ "પ્રકાશ સમીક્ષા" ના અંક-૩ (તા.૧૨.૧.૧૩ થી તા. ૧૮.૧.૧૩) ના પાના નંબર-૧૪ ઉપર આપે ૧૯૬૭ના 'પાવાગઢ યાત્રા' તથા 'અખંડ જ્યોત' બદલ પ્રગટ કરેલ અહેવાલમાં સંપૂર્ણ હકીકત દોષ છે.

૧૯૬૭માં ૧૦૦/૨૦૦ જ્ઞાતિજનોને 'પાવાગઢ યાત્રા' એ લઈ જવાનો વિચાર શ્રી વીરચંદ માણેકજી મૈશરીનો હતો. આ 'પાવાગઢ યાત્રા' ના ખર્ચ માટે ફાળો મેળવવા શ્રી વીરચંદભાઈએ શ્રી જવેરચંદ નાગશી દેવાણી તથા એમના નાનાભાઈ શ્રી સૂર્યકાંતભાઈનો સંપર્ક કર્યો હતો ત્યારે આ બંધુબેલડીએ શ્રી વીરચંદભાઈને ઓફર કરી હતી જે મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનથી પાછા મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન સુધીનો 'પાવાગઢ યાત્રા' નો સંપૂર્ણ ખર્ચ આપવા તેઓની ઈચ્છા છે. તદ્‌ઉપરાંત યાત્રાળુની સંખ્યા સિમિત ન રાખતા જેટલા પણ જ્ઞાતિજનો 'પાવાગઢ યાત્રા' માં જોડાવવા ઈચ્છતા હોય એ સર્વેને યાત્રાએ લઈ જવાની શ્રી વીરચંદભાઈને ભલામણ કરી હતી. શ્રી વીરચંદભાઈએ એમના શ્રી મહાકાળી માતાજી મંડળ સાથે મસલત કરી શ્રી જવેરચંદભાઈની આ ઓફર સ્વીકારી હતી.

૯૬૦ યાત્રાળુની એક સ્પેશીયલ ટ્રેન મુંબઈ-વડોદરા-મુંબઈના ૨ દિવસના 'પાવાગઢ યાત્રા' માટે રવાના થઈ હતી. આ દરીયાદીલ બંધુબેલડીએ સંપૂર્ણ ખર્ચની જવાબદારી સ્વીકારી હોવા છતાં સંઘપતી તરીકે પોતાનું નામ ન આપતા શ્રી મહાકાળી માતાજી મંડળના નામે 'પાવાગઢ યાત્રા' નું આયોજન કર્યું હતું.

યાત્રાળુઓનું મુંબઈથી વડોદરા સ્ટેશને આગમન થાય ત્યાંથી યાત્રાળુ વડોદરા સ્ટેશનથી પાછા મુંબઈ જવા પ્રસ્થાન કરે ત્યાં સુધીની યાત્રાની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી જવેરચંદભાઈએ ભરૂચમાં રહેતા એના જ્યેષ્ઠ બનેવી શ્રી મુલજી દેવજી શીઆલને સંભાળવા વિનંતી કરી હતી. વડોદરાથી પાવાગઢ આવવા-જવાની, પાવાગઢમાં રહેવાની, જમવાની, રાતના ભાવના, ડુંગર ચડવાની વગેરે સર્વ વ્યવસ્થા શ્રી મુલજી દેવજી શીઆલ પરિવારે સંભાળી હતી.

આપે 'પ્રકાશ સમીક્ષા' ના સદર અંકમાં આપેલ વિગત એવી છાપ ઊભી કરે છે જાણે શ્રી દેવજી દામજી ખોનાએ આ આખું આયોજન કર્યું હતું. સાચી હકીકત ઉપર આપી છે.

શ્રી જવેરચંદ નાગશી દેવાણીને શ્રી મહાકાળી માતાજીમાં બહુ શ્રધ્ધા હતી અને પૂજ્ય યતિ શ્રી મદનચંદ્રજી મહારાજ સાહેબના પ્રિય શિષ્યોમાંના શ્રી જવેરચંદભાઈ એક શિષ્ય હતા. પૂજ્ય યતિ શ્રી મદનચંદ્રજી મહારાજ સાહેબની સલાહથી 'અખંડ જ્યોત' શ્રી જવેરચંદભાઈ પોતાના ખર્ચે પાવાગઢથી મુંબઈ લઈ આવ્યા હતા. અન્ય કોઈ 'અખંડ જ્યોત' મુંબઈ લઈ આવ્યા નથી. મુંબઈમાં શ્રી માતાજી સમક્ષ એ જ્યોત અખંડ રહે તેવી વ્યવસ્થા શ્રી અનંતનાથજી ટ્રસ્ટ સાથે શ્રી જવેરચંદભાઈએ કરી હતી. શ્રી અનંતનાથજી ટ્રસ્ટના જુના રેકોર્ડ તપાસશો તો આની આપને ખાત્રી થશે.

શ્રી જવેરચંદ નાગશી દેવાણીએ સાચા હીરાની નથ બનાવી પાવાગઢ પર શ્રી મહાકાળી માતાજીને ચડાવેલ છે જે આજે પણ શ્રી મહાકાળી માતાજીની મુર્તિ પર શોભી રહી છે.

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિના ઈતિહાસમાં (જ્યારે લખાય ત્યારે) ૧૯૬૭ની 'પાવાગઢ યાત્રા' જરૂરથી સ્થાન પામશે. આ 'પાવાગઢ યાત્રા'માં શરૂથી અંત સુધી હું સંકળાયેલો હતો એટલે સાચી હકીકત ઉપર રજૂ કરેલ છે જેથી જ્યારે પણ ઈતિહાસ લખાય ત્યારે ભૂલ ન રહે.

**સાંતાક્રુઝ, ૨.૨.૧૩ - શાંતિલાલ મુલજી શીઆલ**

## સુશ્રાવક શ્રી દેવજી દામજી ખોના

પ્રકાશ સમીક્ષાને પહેલે પાને શ્રી દેવજી દામજી ખોના (જખૌ) જન્મ શતાબ્દીએ તેઓશ્રીના નખશીખ જીવનને ચરિતાર્થ કરવામાં આવતાં ખરે જ રોમાંચ સહ તેઓશ્રી સાથે સુખદ સાંનિધ્યના અનેક સંભારણા નજર

સમક્ષ તાદ્રશ થયા.

શ્રાવક ધર્મને સોહામણો કરતા તેઓશ્રી અનેક ગુણોથી અલંકૃત હતા! આચાર-વિચાર અને વર્તનમાં આવા ગુણોને ઘુંટીઘુંટીને ઘટ્ટ કર્યા હતા. કયા અલંકારે તેઓશ્રીને અલંકૃત કરવા?

એક સંસ્કૃત શ્રાવકને શોભે તેવા ધોતીયા ઝબ્બા અને ટોપીના પહેરવેશે જનમેદનીમાં અલગ તરી આવતા.

મૃદુ વાણીએ સંસ્કૃત ઉચ્ચારણો. હળવાશભરી જબાન અને ચશ્માધારી ચક્ષુઓમાંથી નીતરતી છલોછલ કરૂણાએ દશા જ્ઞાતિ સહ અન્ય સંખ્યાબંધ જ્ઞાતિના જનમનમાં આદરના સ્થાને બીરાજીત હતા.

સુધારક વિચારોની "સ્વ થી શરૂઆત કરવી" એવા દૃષ્ટા હતા. તેઓશ્રી અનેક સંસ્થાઓ સાથે સંબંધ ધરાવતાં તે-તે સંસ્થાઓનું લેખનકાર્ય પણ પોતાની પેન-પેન્સિલ વાપરવાના આગ્રહી હતા. તો ચા-પાણી કે નાસ્તાની કલ્પના પણ ના કરી શકાય!!

પારદર્શક વ્યવહાર ક્ષીર-નીરની દૃષ્ટિ સાથે દેવગુરૂ અને ધર્મની આણને જીગરે જડી રાખતા. સભાઓમાં વિરોધ કરતી વખતે જરા પણ ઉગ્રતા, રોષ કે ક્રોધ નહીં. અનેક બુમ-બરાડા વચ્ચે પણ શાંત ચીતે સાંભળી, શાંતિથી જવાબ અને વિવેકપૂર્ણ વિરોધે, તેઓશ્રીની દલીલ માન્ય કરાતી!

જ્ઞાતિહિતના વિકાસશીલ પથ ફલકના સારથી હતા. દશાઈ નાતની સંસ્કૃતિના શંખનાદે વિશુદ્ધ વારસાના વારસદાર હતા. નિખાલસતા, નીડરતા, નિસ્પૃહતા, નિર્મળતા, નિર્ભયતા અને નિર્મોહિતા તેઓશ્રીના આજીવન પાકા મિત્રો હતા. તેઓશ્રીના પરિવારે તા. ૧૩.૧.૧૩ના વાસુપૂજ્ય જિનાલયે સમુહ આયંબીલ કરાવી ઉચિત શ્રધ્ધાંજલિ અર્પી. મારા પ્રેરણાગુરૂ શ્રી દેવજીભાઈને વંદન.

**ભાંડુપ, ૮.૨.૧૩ - લહેરચંદ વેલજી મૈશેરી**

## વણસતા સંબંધો જટિલ પ્રશ્ન

સમાજમાં વધતા જતા છુટાછેડા અને ઘરેલુ સમસ્યાઓના કિસ્સા માટે તથા સાસરીયે ગયા બાદ દિકરીઓને સતાવતી સમસ્યાઓના નિરાકરણ માટે ત્વરીત ખાસ સમસ્ત મહાજન, શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ (મુંબઈ) તથા શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ સાથે મળી એક વ્યવસ્થિત કમિટી બનાવી આવા પ્રશ્નોનો નિરાકરણ લાવી શકે. આ સમસ્યા દિન પ્રતિદિન ફેશન બનતી જાય છે. બન્ને પક્ષોને શાંતિથી સાંભળી ઉકેલ લાવે જેથી કોર્ટ, પોલીસ કેસો કે સમાજમાં દિન પ્રતિ દિન દિકરીઓને બદનામીથી બચવા સમાજ આ કદમ ઉપાડી ત્વરીત પગલા ભરે. સમાજ હસ્તક્ષેપ કરી શકે તેવા પગલા પણ લેવાની જરૂરત પડી છે.

આપણી જ્ઞાતિ યુવામેળાઓના આયોજનો કરે છે. જેના માધ્યમથી સમાજ ઘણું આગળ જરૂર આવેલ છે. પરસ્પર સમાજ એક ખુણેથી બીજા ખુણે રહેતા જ્ઞાતિજનોથી અને તેમની પ્રવૃતિઓથી પરિચીત થાય છે. સમાજ સમાજ સાથે ગુંથાયેલો-સંકળાયેલો રહે જે કદમ સરાહનીય છે.

શિક્ષણ અને બીઝનેસ ક્ષેત્રે નવી પેઢીએ ઘણી હરણફાળ ભરેલ છે પણ આ સગપણ અને લગ્નવિચ્છેદ સમસ્યા સમાજ સામે વિકરાળ સ્વરૂપે આગળ વધવા પામેલ છે. જે ત્વરીત ધ્યાન માગે છે અને તેના નિકાલ માટે સર્વપક્ષીય પ્રયત્ન થાય છે. સમાજના મોભીઓ આ માટે જરૂર આગળ આવે. આવા પ્રશ્નોને ત્વરીત વાચા મળે. અને જેનો નિકાલ આવે તે જરૂરી છે.

**ગાંધીધામ, ૨૯.૧.૧૩ - લબ્ધિકુમાર બી. મોમાયા**

## શ્રી અનંતનાથજી દેરાસર, મસ્જીદબંદરની સુરક્ષા

સ્થાનિક રહેવાસીઓ જણાવે છે કે આપણી મસ્જીદબંદરની ૨૦૦ વર્ષ જુની વસાહત નજીક મુસ્લીમ વસ્તી, ખાસ કરી દક્ષિણ આફ્રિકાના રહેવાસીઓની સંખ્યા વધતી જાય છે.

તે આપણાં દેરાસર તથા સ્થાનિક જ્ઞાતિજનો માટે ભયજનક છે. સરકારે રીડેવેલપમેન્ટની સ્કીમ ૪ FSI આપણા લાભ માટે બનાવી છે. તે એક/બે મકાન માટે પણ લાગુ પડે છે.

આપણી ૩ એકર જમીન પર બંધાવેલ જુના મકાનોના માલિકો-ટ્રસ્ટો સાથે મળી અથવા અલગથી પોતાના મકાનો રીડેવલપ કરે તુરંતમાં તો તેમાં આપણા બધાની સુરક્ષા છે.

**માટુંગા, ૧૨.૨.૧૩ - રતિલાલ વા. ખોના**


K. Dixit
રીયલ ડાયમંડ જ્વેલરી
કૌશિક રાયચંદ શાહ (પટેલ)
(સાંધાણ - ઘાટકોપર)
98204 57676
લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ
રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ
તથા નેકલેસનું આકર્ષક કલેક્શન


## શ્રી મોડપુર તીર્થે જિનબિંબ-ગુરૂ-દેવ-દેવી અંજન-પ્રતિષ્ઠા અવસર નિમિત્તે સામુહિક વર્ષીતપ આરાધના માટે

# પ્રવેશપત્ર પ્રાપ્તિ સ્થાનો

| | | |
|---|---|---|
| ઘાટકોપર (ઈ)<br>શ્રી ગુણભારતી કાર્યાલય<br>૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ,<br>દેરાસર લેન, ઘાટકોપર (ઈ)<br>નિતિનભાઈ -૦૯૮૯૨૯૫૦૮૧૪ | ભાંડુપ (વે)<br>શ્રી આદિનાથ જિનાલય<br>અનંતસિદ્ધિ કમ્પાઉન્ડ,<br>એલ.બી.એસ. રોડ, ભાંડુપ (વે)<br>બિપીનભાઈ - ૦૨૨-૨૫૯૫૯૭૬૧ | મુલુન્ડ (વે)<br>દિનબંધુ ફરસાણ માર્ટ<br>બાબુ નિવાસ, સ્ટેશન રોડ,<br>મુલુન્ડ (વે)<br>દેવચંદભાઈ ગડા -૦૯૮૯૨૭૯૩૭૮૩ |
| ડોંબિવલી (ઈ)<br>શ્રી અચલગચ્છ જૈન સંઘ<br>સુવિધિનાથ જૈન દેરાસર, માનપાડા રોડ,<br>નવજીવન હૉસ્પિટલ પાછળ, ડોંબિવલી (ઈ)<br>મોરારજીભાઈ - ૦૨૫૧-૨૪૫૭૩૧૮ | લાલબાગ<br>શ્રી સુવિધિનાથ જૈન દેરાસર<br>૪૨ ડૉ. એસ. એસ. રાવ રોડ,<br>લાલબાગ-ધર્મપુરી.<br>૦૨૨-૨૪૭૧૦૩૮૦<br>પરેશભાઈ - ૯૮૨૧૦૫૬૪૦૧ | મસ્જીદ બંદર<br>શ્રી અનંતનાથ જૈન દેરાસર<br>શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન<br>૩૦૨/૩૦૬, નરસી નાથા સ્ટ્રીટ,<br>ડાઘા બજાર, મુંબઈ - ૯.<br>૦૨૨-૨૩૪૪૮૨૩૪ |
| દાદર<br>ઈમ્પ્રેશન<br>અલીપુરીયા મેન્શન,<br>ડૉ.બી.એ. રોડ,<br>હિંદમાતા-દાદર.<br>બંસીલાલ -૦૨૨-૨૪૧૭૪૩૧૮ | જોગેશ્વરી (ઈ)<br>અચલગચ્છ જૈન સંઘ<br>૨૯, હરદેવી સોસાયટી, ગેટ નં. ૩,<br>બેંક ઓફ બરોડાની સામે ગલ્લી,<br>સ્ટેશન રોડ, જોગેશ્વરી (ઈ)<br>૦૨૨-૨૮૨૪૦૩૦૦ | બોરીવલી (વે)<br>આશાપુરા સાડી સેન્ટર<br>સ્ટેશનની સામે, એલ.ટી. રોડ,<br>બોરીવલી (વે)<br>૯૮૧૯૩૮૦૪૧૬ |
| મલાડ (વે)<br>જયદીપ કલેક્શન<br>ઈસ્માઈલ બાગ, મલાડ સ્ટેશનની<br>સામે, મલાડ (વે)<br>કિરણભાઈ - ૯૮૬૯૫૬૩૫૧૩ | નાલાસોપારા (ઈ)<br>અચલગચ્છ જૈન ઉપાશ્રય,<br>મહેશ પાર્ક, શ્રીપાલ કૉમ્પલેક્ષ ની<br>બાજુમાં, તુલીંજ રોડ,<br>નાલાસોપારા (ઈ). ૦૨૫૦-૨૪૩૨૪૪૫ | કાંદિવલી (વે)<br>૨, સત્યમ, ગ્રાઉન્ડ ફ્લોર,<br>એમ. જી. ક્રોસ રોડ નં. ૩,<br>અચલગચ્છ ઉપાશ્રય પાછળ,<br>કાંદિવલી (વે).<br>મણીલાલભાઈ - ૯૩૨૨૫૧૦૯૨૯ |

| | | | |
|---|---|---|---|
| શ્રી મોટીખાવડી જૈન સંઘ<br>હર્ષદ લોડાયા<br>૦૯૯૯૮૯૭૧૯૫૦ | શ્રી નાનીખાવડી જૈન સંઘ<br>મણીલાલ નાગડા<br>૦૯૯૦૯૮૬૬૬૮૨ | શ્રી રંગપુર જૈન સંઘ<br>લહેરચંદ ધરમશી<br>૦૯૮૭૯૯૮૫૩૨૨ | શ્રી દલતુંગી જૈન સંઘ<br>શામજીભાઈ શીયાલ<br>૦૨૮૯૫ ૨૬૧૨૮૨ |
| શ્રી ભરૂડીયા જૈન સંઘ<br>કલ્પેશ દંડ<br>૦૮૧૪૦૮૧૧૮૭૨ | શ્રી ગોરખડી જૈન સંઘ<br>લક્ષ્મીચંદભાઈ લોડાયા<br>૦૯૦૯૯૬૭૧૨૨૭ | શ્રી જામનગર જૈન સંઘ<br>તીલક ખોના<br>૦૯૮૨૫૦૯૪૫૭૯ | |

શ્રી નરેન્દ્ર ધરમશી (ઘાટકોપર, વેસ્ટ) - ૦૯૮૨૦૧૩૧૬૩૬
શ્રી નરેન્દ્ર શિયાલ (ડોંબિવલી, વેસ્ટ)- ૦૯૮૨૦૦૩૪૨૬૮
શ્રી ભરત દૌલત (ઘાટકોપર, વેસ્ટ) - ૦૯૩૨૪૦૧૬૨૧૩

## સંપર્ક સૂત્ર

પ્રમુખ :પંકજ ધરમશી-૦૯૮૬૭૦ ૧૨૩૪૦

| | | | |
|---|---|---|---|
| ઉપપ્રમુખ | :અશોક દંડ - ૦૯૮૨૧૧ ૧૦૧૫૦ | ઉપપ્રમુખ | :સુનીલ લોડાયા - ૦૯૦૯૯૩ ૪૪૦૪૪ |
| માનદ્મંત્રી | :જીવરાજ નાગડા - ૦૯૩૨૦૦ ૮૬૮૮૭ | સહ-માનદ્મંત્રી | :ભુપેન્દ્ર લોડાયા - ૦૯૮૨૦૩ ૦૩૭૭૭ |
| ખજાનચી | :નવીનચંદ્ર શાહ - ૦૯૯૮૭૭ ૬૨૬૦૨ | સહ-ખજાનચી | :મનોજ ખોના - ૦૯૮૨૪૨ ૨૬૬૫૫ |

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### 'અનંતછાયા'ના ચુકાદા સામે સ્ટે ન અપાયો

'અનંતછાયા'ના વેંચાણ અંગે ટ્રસ્ટીઓને પરવાનગી આપતા ના. ચેરીટી કમીશનરના હુકમ બાબતે સ્ટે આપવા વિરોધકર્તા પક્ષકારોએ કરેલ અરજીને તા. ૧૧.૨.૧૩ના અમાન્ય ઠરાવવાનો હુકમ થયેલ છે.

### સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત મહાજનની મહાસિમતિમાં સાંધવ મહાજનના પ્રતિનિધિ તરીકે શ્રી પ્રવીણ કુંવરજી મોતા (ડોંબીવલી) ચુંટાયા છે. એ સાથે મહાસમિતિમાં ૧૭૮ પ્રતિનિધિ નિમાઈ ગયા છે. હજી વિસેક મહાજનના પ્રતિનિધિ નીમીને આવવાના બાકી છે. જ્યાં જ્યાં મહાજનશ્રી છે ત્યાં ત્યાં પોતાના પ્રતિનિધી નીમી મોકલવાના છે. જ્યાં ૩૦ જ્ઞાતિજનોની વસતી છે ત્યાં નવું મહાજન સ્થાપી શકાય છે. અને જો તેથી ઓછી વસતી હોય તો આસપાસના ગામ સાથે ભળી શકાય અથવા બે-ત્રણ ગામ મળીને સંયુક્ત મહાજન રચી શકાય છે. અત્યારે જ્ઞાતિમાં ૧૦૭ મહાજનશ્રી કાર્યરત છે અને દશેક મહાજન બીજા રચી શકાય તેટલી ત્યાં જ્ઞાતિ વસતી છે. જ્ઞાતિમાં સાડા સાત હજાર પરિવારો છે અને ૩૧ હજાર જેટલી વસતી છે.

### વસતીપત્રક સમિતિની ડોંબીવલી મુલાકાત

વસતીપત્રક સમિતિના પ્રમુખ શ્રી છત્રપતિભાઈ, વિનોદભાઈ, નિરંજનભાઈ અને મુંબઈ મહાજનના સેક્રેટરી શ્રી ચેતન મોતા અન્ય સહયોગી કાર્યકરો રવિ. તા. ૧૦.૨.૧૩ના સવારે ૧૦ વાગે ડોંબીવલી મંડળમાં પધારેલ. આ પ્રસંગે ડોંબીવલી મંડળના ભુતપુર્વ પ્રમુખો, કાર્યકરો અને મંડળની ટીમ ઉપસ્થિત રહેલ.

જ્ઞાતિના ૮મા વસતીપત્રક બાબત બાકી રહેતા ફોર્મ વિષે ગામવાર સ્થિતિની વિચારણા થઈ અને ઝડપથી બાકી રહેતી વિગતો એકત્ર કરવા જણાવાયું. ડોંબીવલીના બાકી રહેતા ફોર્મ એકત્ર કરી મોકલવા કાર્યકરોને જવાબદારી અપાઈ.

આ ઉપરાંત ડોંબીવલીથી વસતીપત્રક માટે સૌજન્ય પટ્ટી જા.ખ. એકત્ર કરવા મંડળને અપીલ કરાઈ. શ્રી વિનોદ ધુલ્લાએ સમિતિવતી મંડળના સર્વે કાર્યકરોનો આભાર માનેલ અને ૮મા વસતીપત્રકની નવી ટેક્નોલોજીના કારણે વિશેષ સ્વરૂપે ઉપયોગી બની રહેશે એમ જણાવ્યું.

### શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-ધુલિયા

સાંસ્કૃતિક મંત્રાલય મહારાષ્ટ્ર સરકાર અને ધુલિયા જિલ્લા પ્રશાસન તરફથી તા. ૧૪,૧૫,૧૬ ડિસેમ્બર'૧૨ આયોજીત ધુલે જિલ્લા સાંસ્કૃતિક મહોત્સવમાં મહિલા મંચ-ધુલિયાના સભ્યોએ ભાગ લીધેલ. જેમાં દિપ નૃત્ય અને કચ્છી ગજીયોની રજૂઆત કરેલ. આ કાર્યક્રમમાં મહિલામંચના ઉંમર વર્ષ ૧૬ થી ૭૧ વર્ષ સુધીના સભ્યોએ ભાગ લીધેલ.

સભ્યોનો ઉત્સાહ જોઈ નિવાસી ઉપજિલ્હાધિકારી શ્રી વિવેક ગાયકવાડજીએ પુષ્પગુચ્છથી તેમનું સન્માન કરેલ. પધારેલાં કલાપ્રેમીઓએ તાળીઓનાં ગડગડાટથી સૌનું અભિવાદન કરેલ. પ્રશાસન તરફથી ભાગ લેનાર દરેક કલાકારને પ્રમાણપત્ર આપવામાં આવેલ. આ કાર્યક્રમની નોંધ ધુલિયાના સર્વ સ્થાનિક પત્રોમાં ફોટાઓ સાથે લેવાઈ. સૌ. કાંતાબેન ચંદ્રકાંત લોડાયા જે ૭૧ વર્ષની ઉંમરે પણ સમૂહ નૃત્યમાં ભાગ લીધેલ. જેની 'દિવ્યમરાઠી' અને 'લોકમત' પત્રમાં વિશેષ નોંધ લેવાઈ.

આ કાર્યક્રમમાં ભાગ લેવા ધુલિયાના મહાજન પ્રમુખશ્રી વસંતભાઈ ઠાકરશી ગોસરનું ઉલ્લેખનીય માર્ગદર્શન અને સહકાર મળેલ.

તા. ૨૨.૧૨.૧૨ના મહિલામંચની સભા સૌ. મધુમતીબેન દિનેશ ભાટેના જન્મદિવસ પ્રસંગે દાદાવાડી મુકામે ઉપપ્રમુખ સૌ. શીતલબેન પરેશ ભાટેના પ્રમુખપદે મળેલ. પ્રથમ શ્રી અમીઝરા શીતલનાથની સેવા પૂજા અને સામુહિક ચૈત્યવંદન કરવામાં આવેલ. સભ્યો તરફથી સૌ. મધુમતીબેનના જન્મદિવસ પ્રસંગે પુષ્પગુચ્છ સાથે શુભેચ્છા આપવામાં આવેલ. મધુમતીબેને સૌનું સ્વાગત કરેલ. દાલબાટી ચુરમાનું જમણ હતું.

ભોજન બાદ નવકારમંત્રથી સભાની શરૂઆત કરી. સૌ. મધુમતીબેને કાર હેગીંગ બનાવવાની સ્પર્ધા રાખેલ. જેમાં પ્રથમ સૌ. પ્રતિભાબેન ડુંગરશી ડાઘાને ઈનામ મળેલ. નિર્ણાયક તરીકે કુ. મયુરી મહેન્દ્ર પાટણીએ સેવા આપેલ. સ્વામી વિવેકાનંદજીના ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી રૂપે એમના વિચારોનું વાંચન થયેલ. સૌ. મધુમતીબેને ધાર્મિક હાઉઝી રમાડેલ. જેમાં સૌ. નમ્રતાબેન સોની, સૌ. દર્શનાબેન દંડ, સૌ. લતાબેન દંડ તથા સૌ. લીનાબેન મોમાયા વિજેતા થયેલ. વર્ણમાલા પરથી 'મેરા પતિ' ગેમ રમાડવામાં આવેલ. જેમાં પ્રથમ

સૌ. લીનાબેન મોમાયા તથા દ્વિતીય સૌ. મનિષાબેન ભાટે વિજેતા થયેલ. વિજેતાઓને સૌ. મધુમતીબેન તરફથી ઈનામ આપવામાં આવેલ.

અંતે બપોરની ચા લઈ શીતલનાથ દાદાની જય બોલાવી સહુ આનંદથી છૂટા પડેલ.

## દાવણગિરિમાં મુનિવરો પધાર્યા

પ્રવચન પ્રભાવક મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા. ૬ હર્ગ્રીબમ્મણ હલી હડપ્પન હલી થઈ દાવણગિરિ પધાર્યા. કચ્છી પરિવારોએ સામૈયુ કર્યું. ત્રણ દિવસ સવારે-રાત્રે પ્રવચન થયા. મુનિશ્રીએ પ્રેરણા કરી પોરવાલ સમાજના પાંચ ટ્રસ્ટીઓની નિમણુંક કરી. દાવણગિરિ સંઘનું સંગઠન કરાવ્યું. મહા સુદ-૨ના ગુણસાગરસૂરીનો ૧૦૦ મો જન્મદિન સંઘ વધામણાં સ્વરૂપે ઉજવાયો. તા. ૧૭.૨ના પૂજ્યશ્રી ભદ્રાવતી રજત ધજા પ્રસંગે મહોત્સવે નિશ્રા પ્રદાન કરાઈ. તા. ૨૪.૨ બાદ નરસિંહાપુર જ્વાલામાલિનીપીઠ અને હુમ્મા પદમાવતી શક્તિ પીઠ પધારશે. બન્ને પીઠે પુષ્પમંત્ર વિધાન અનુષ્ઠાન આયોજન થશે.

## મોમાઈમાં નાગડા પરિવાર

રંગપુરમાં બિરાજમાન નાગડા કુળના કુળદેવી શ્રી મોમાઈ માતાજીની પ્રથમ સમૂહ પહેડી તા. ૨૭.૧.૧૩ના સવારે ૮ કલાકે શેઠ શ્રી નરશી નાથા સભાગૃહ (ભાંડુપ)માં યોજાઈ. આ પહેડીનો લાભ માતુશ્રી પ્રેમીલાબેન લાલજી નાગડા હ. સૌ. સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવારે લીધો. પહેડીમાં નાગડા ગોત્રના ભાવિકો નિયાણી બહેનો તથા આમંત્રિત મહેમાનોએ સારી સંખ્યામાં પધારી માંના દર્શન-આરતી-પ્રસાદનો લાભ લીધો.

કાર્યક્રમની શરૂઆત સવારે ૮ કલાકે પૂ.માના વાજતે-ગાજતે સામૈયાથી થઈ. ૮.૩૦ કલાકે દાતાશ્રી પરિવાર દ્વારા પોંખણા કરી. ૯ કલાકે પૂ.શ્રી માંની વિધી-વિધાન સાથે સ્થાપના શ્રી વિજય મહારાજે કરેલ. ૧૦ કલાકેથી શ્રી અરવિંદ વેદાંત અને સાથી કલાકારોએ પૂ.શ્રીમાની ભક્તિ ભાવનાની રમઝટ બોલાવેલ. ૧૨.૩૦ કલાકે પૂ.શ્રી માનો થાળ ધરાવી આરતી કરી. ૨ વાગ્યા સુધી રાસ-ગરબાની રમઝટ થઈ. પ્રસાદનો સૌ લાભ ભાવિકોએ લીધો.

કાર્યક્રમ દરમ્યાન નાગડા પરિવાર તથા નિયાણી બહેનો સાથે શ્રી નાગેશ્વર તીર્થ યાત્રાનું આયોજન (તા. ૩૧ મે થી ૨ જુન) કરવાનું નક્કી કરેલ છે. સર્વે ભાવિકોનું પારિવારિક સ્નેહમિલન થયું.

## કચ્છ માટે વાહનવ્યવહાર સુવિધા

કચ્છમાં વિકાસની હરણફાળ છે ત્યારે કચ્છ તરફ જનારા માટે વાહનવ્યવહાર સુવિધામાં વધારા કરવા હવાઈસેવા, રેલ સેવા અને અન્ય રોડ વ્યવહાર વધારવા શાસન તરફથી પ્રયત્ન થઈ રહ્યા છે.

મુંબઈ-ભુજ બે વિમાની સેવા કાર્યરત છે. તે ફ્લાઈટ સર્વિસ વધારવા અને તે સસ્તી બનાવવા પ્રયાસ ચાલી રહ્યા છે. રેલ સેવામાં બે-ત્રણ ટ્રેનો ચાલી રહી છે અને હવે એ.સી. સુપર ફાસ્ટ ટ્રેન સેવા ટૂંકમાં શરૂ થનાર છે.

## ક.દ.ઓ. મહિલા મંચ-નાગપુર

અત્રે નવા વર્ષ ૨૦૧૩ની ઉજવણી જાન્યુઆરી મહિનામાં સૌ. પ્રગતિ મયંક ખોનાના ઘરે મિટીંગ રાખી તથા સૌ. પુનમ મોમાયાએ બનાવેલ જૈન કેક કાપીને કરી. મહિલા મંચને પાંચ વર્ષ પૂરા થયા તેની ઉજવણી કરી. નવી કાર્યકારીણી સમિતી નિમાઈ. જેમાં પ્રમુખ સૌ. પ્રગતિ ખોના, ઉપપ્રમુખ સૌ. મીના લોડાયા, સેક્રેટરી સૌ. કાજલ પોલડિયા, જોઈન્ટ સેક્રેટરી સૌ. ભાવિની દંડ, ખજાનચી સૌ. મોહિની મૈશેરી તેમજ સલાહકાર સદસ્ય તરીકે સૌ. શશી પટેલ તથા સૌ. પુનમ મોમાયા નિમાયા.

દર આઠમના થતી મહાકાળીમાની ભાવના સૌ. સુમતિ હરીશ લોડાયાના ઘરે તેમના પુત્રના લગ્નની ખુશાલીમાં ભણાવવામાં આવી.

## સાંયરાવાસીઓનું સોળમું સ્નેહમિલન

સાંયરા વિકાસ મંડળના ઉપક્રમે સાંયરાવાસીઓનું ૧૬મું સ્નેહમિલન રવિ. તા. ૩.૨.૧૩ના ભાંડુપમાં જગન્નાથ બેંક્વેટ હોલમાં યોજાયું. પ્રારંભે મહાનુભાવોના હસ્તે દીપ પ્રકાશન કરી નવકાર પઠનથી શુભારંભ થયેલ. મંગલાચરણરૂપે પૂ.સા.શ્રી અનંતયશાશ્રીજી મ.સા.એ પાઠવેલ શુભેચ્છા સંદેશ અને આશિર્વચનપત્ર શ્રીમતી


ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

રાજુલબેન વાંચી સંભળાવેલ.

ત્યારબાદ મંડળના પ્રમુખશ્રી ભદ્રેશ પટેલ દ્વારા સૌને આવકાર આપતાં ઉદ્બોધન કરેલ. માનદ્મંત્રીશ્રી કીર્તિકુમાર ખોનાએ મંડળની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ રજુ કરેલ.

કાર્યક્રમ સૂત્ર સંચાલન શ્રીમતી રાજુલ પટેલ, કુ. પૌલમી ભદ્રેશ પટેલ અને શ્રી મૃણાલ કીર્તિકુમાર ખોના એ આગવી શૈલીમાં સંભાળ્યું. આ પ્રસંગે સાંયરાના ગૌરવ એવા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારા અને યોગદાન આપનારા વ્યક્તિવિશેષોનું 'સાંયરારત્ન' ખિતાબ એનાયત કરી અભિવાદન-બહુમાન કરાયું. જેમાં સૌ. જયાબેન અને શ્રી શાંતિલાલ પદમશી લોડાયા અને શ્રીમતી માયાબેન અને શ્રી ભરત દનાની પરિવારનું વિશેષ સન્માન કરી સાંયરારત્ન ખિતાબ એનાયત થયેલ. એમના પરિચય આપી મંડળ તરફથી શાલ, શ્રીફળ, હારથી જાહેર બહુમાન થયેલ, તેમને તેમના જીવનચરિત્રના ફોટાઓનું સંભારણું ભેટ અપાયેલ. બન્ને જણાંએ સાંયરા માટે યોગદાન આપવા તત્પરતા સાથે આભાર માનેલ.

વડીલ વંદનામાં માતુશ્રી મણીબાઈ ખેતશી મોમાયા(ઉં.વ.૯૫)નું બહુમાન કરાયું. ટ્રસ્ટીશ્રીઓએ શા. લીલાધર નરશી મોમાયા અતિથીગૃહ મહાજનશ્રીને વિધિવત લોકાર્પણ કરેલ. શ્રી વિજય લીલાધર મોમાયાએ અતિથીગૃહ અર્પણપત્રનું વાંચન કરેલ. દાતાઓનું મહાજનશ્રીવતી બહુમાન થયેલ. આ જાહેરાતને તાળીઓથી વધાવી લેવાઈ. સંસ્થાપક પ્રમુખશ્રી મધુકરભાઈએ આશિર્વચન સાથે ઉદ્બોદન કરેલ. કાર્યક્રમમાં સંગીતસંધ્યા અને હાસ્યદરબાર રાખવામાં આવેલ. જેનો લાભ માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવારે લીધેલ. સર્વે દાતા પરિવારોનું મંડળવતી બહુમાન કરવામાં આવેલ. ઈનામ વિતરણના દાતા શ્રીમતી ચેતના બિપીન મોમાયા હતા. આ પ્રસંગે સ્વામીવાત્સલ્ય લાભ માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા પરિવારે લીધેલ. એ પરિવારનું સંઘવતી બહુમાન કરાયેલ. અબડાસાના ધારાસભ્ય શ્રી છબીલભાઈ પટેલનો શુભેચ્છા સંદેશ વંચાયેલ. સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટનો પ્રવૃત્તિ અહેવાલ શ્રીમતી લીલુબેન વિનોદ મોમાયાએ રજુ કરેલ. મહાજન પ્રમુખશ્રી વિનોદભાઈ મોમાયાએ ઉદ્બોધન કરેલ. આ પ્રસંગે સાંયરા જિનાલયની ૧૩૫મી વર્ષગાંઠ-ધ્વજાના ચડાવા ઉમંગે બોલાયા. ધ્વજા પ્રસંગે સૌને સાંયરા પધારવા આમંત્રણ અપાયેલ. સાંયરા સહીયર વતી શ્રીમતી વૈશાલી વિજય ધરમશીએ સંબોધન કરેલ.

આ અવસરે મુંબઈ મહાજનશ્રીના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, માનદ્મંત્રી શ્રી ચેતન મોતા અને ઘણાં સભ્યો પધારેલ. શ્રી નયનભાઈ ભેદાએ ઉદ્બોધન કરેલ. અને સાંયરા સંઘ તરફથી તેમનું બહુમાન કરાયેલ. ઉપસ્થિત મિત્રમંડળી અને આમંત્રિતો દ્વારા યુવા પ્રમુખ શ્રી ભદ્રેશ પટેલનું બહુમાન કરાયેલ. પધારેલ સૌએ સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્નેહમિલનની મજા માણી હતી. આભારવિધિ ઉપપ્રમુખ શ્રી બિપીન લક્ષ્મીચંદ મોમાયાએ કરી હતી. કાર્યક્રમ સંચાલકોનું બહુમાન કરાયું. સાંયરા સહીયર અને યુથફોરમે કાર્યક્રમની સફળતા માટે જહેમત લીધી હતી. સાંજે પ્રિતીભોજન હતું. સર્વસાધારણ ખાતામાં દરરોજનાં રૂા. ૨ લેખે વાર્ષિક રૂા. ૭૩૦ના હિસાબે નોંધાયેલ ૬૬ નામોમાંથી ત્રણ લકી ડ્રો કાઢવામાં આવ્યા. રૂા. ૪૮ હજાર જેવી રકમ એકત્ર થઈ. સંગીત સંધ્યા શ્રીમતી માધુરીબેન અને પાર્ટી અને હાસ્યકલાકાર શ્રી જીતુભાઈ દ્વારકાવાળાએ સાંસ્કૃતિક મનોરંજન કરાવ્યું. સૌના સાથ સહકાર આભાર સાથે કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયેલ.

## કેડીઓ સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબ

ક્લબના ૩૭ સભ્યો અને સાથીઓ તા. ૨૪.૧ થી તા. ૨૮.૧ ૪ દિવસ ગોવાના પ્રવાસે ગયેલ.

તા. ૨૪મીની રાત્રે ટ્રેનથી નીકળી સવારે ૧૧ વાગે થિવીમ સ્ટેશને ઉતર્યા. ત્યાંથી બસમાં હૉટલ ઑરીયન્ટ એનક્લેવના ૧૮ એ.સી. રૂમોમાં રોકાયા. બપોરે ભોજન બાદ આરામ કરી સાંજના નજીક આવેલ કલનગુટ બીચ પર ફરવા ગયા.

તા. ૨૬મીની સવારે બસમાં જુના ગોવા, ચર્ચ, મંગેશી મંદિરે ગયા. ત્યાંથી અનેક પ્રકારના કાજુ પ્રોસેસ કરતી રૉયલ કંપનીની ફેક્ટરીમાં જઈ ખરીદી કરી સાંજના મોટી બોટમાં માંડોવી નદીમાં એક કલાક નૌકા વિહાર કરેલ.

તા. ૨૭મીની સવારે બસમાં ફોર્ટ આગુઆડા, લાઈટ હાઉસ, જોઈ નાની બૉટમાં એક કલાક દરીયામાં ફરી


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

ડૉલ્ફીન અને કિનારે આવેલ ભવ્ય બંગલા જોયા. સાંજે કાંડોલીમ બીચમાં સભ્યોએ પાણીમાં જઈ મજા કરી અને ફોટા પાડ્યા. રાત્રે શ્રીમતી વનીતાબેને ક્વીઝ રમાડી અને સભ્યોએ હોટલના મોટા સ્ક્રીન પર ક્રિકેટ મેચ કાર્યક્રમો માણ્યા.

તા. ૨૮મીની સવારે નાસ્તો કરી, માંડોવી એક્ષપ્રેસમાં રસ્તામાં મનપસંદ ભોજન કરતાં મુંબઈ રાત્રે ૯ વાગે પાછા ફર્યા. આગામી આસામ પ્રવાસમાં ૨૯ યાત્રિકો જોડાયા છે.

## શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ-વડોદરા

પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વિવિધ રમતગમત સાથે આનંદમેળાનું આયોજન કરવામાં આવેલ. જેમાં વય પ્રમાણે ગ્રુપ બનાવવામાં આવેલ. જેમાં વિજેતાઓ ૩ થી ૫ વર્ષના ગ્રુપમાં : વીર દંડ, જૈનમ ધુલ્લા, પ્રીશા લોડાયા. ૬ થી ૧૦ વર્ષના ગ્રુપમાં : ધૃવિ દંડ, સંભવ દંડ. ૧૧ થી ૧૫ વર્ષના ગ્રુપમાં : મનન મોમાયા, જૈનમ લાલકા. ૧૬ થી ૨૦ વર્ષના ગ્રુપમાં : સિધ્ધિ મોમાયા, જીગર નાગડા. ૨૧ થી ૩૦ વર્ષના ગ્રુપમાં : પાવન નાગડા, દર્શીત લોડાયા, કેવલ મોમાયા તથા અંકીત લોડાયા. ૩૧ થી ૪૫ વર્ષના ગ્રુપમાં : મનોજ ધુલ્લા, રીધ્ધિ લાલકા. ૪૫ થી ઉપરના ગ્રુપમાં : વિજયા ધુલ્લા, ચેતના લાલકા, સુશીલા ખોના વિજેતા થયેલ. જિનલ મોતાએ બધાને હાઉઝી રમાડેલ. દરેક વિજેતાઓને માતુશ્રી રતનબેન કાંતિલાલ શાહ (મોતા) તરફથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું. બહુ મોટી સંખ્યામાં જ્ઞાતિજનોની હાજરી રહી. બાદમાં સૌએ ફનફેરમાં વિવિધ વાનગીની લહેજત માણી છૂટા પડ્યા.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલય નિધી ટ્રસ્ટ ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત અને પૂ.શ્રી જયદર્શિતાશ્રીજીમ.સા.ના માર્ગદર્શને ટ્રસ્ટના કાર્યો સરળતાપૂર્વક ચાલે છે. ગરીબોને ભોજન કરાવવાનાં દાતાઓઃ ચંદ્રકાંત મેઘજી લોડાયા (પાચોરા), ધ્રુવ મનીષ લોડાયા (ચાલીસગામ), નારાયણ અપ્પા (પાચોરા), શંકર નવાડે (પાચોરા), તારાબાઈ માણેકજી મોતા હસ્તે હિતેશ મોતા (મુંબઈ) કાયમિતિથી, મેઘજીભાઈ જીવરાજ લોડાયા (પાચોરા), યશોધન જીવરાજ લોડાયા (મદ્રાસ), તેજ કુનાલ અનીલ મોતા, પલ્લવી વિરચંદ શાહ (નાંદેડ) કાયમીતિથી, સોમચંદ સોજપાલ નાગડા (હસ્તે-પરેશભાઈ), રુદ્ર રાકેશ મહાત્રે (વિરાર) હસ્તે રમેશ ચાંપશી મોતા), નિશાબેન હિતેષભાઈ મોતા (મુંબઈ) કાયમીતિથી.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-અમલનેર

અત્રે તા. ૧૨.૨.૧૩નો મુમુક્ષુ કુ. ઊર્વિબેન વિપુલ ડાગાના અભિનંદન-અનુમોદના કાર્યક્રમ સમસ્ત જૈન સંઘ તરફથી શ્રી દાદાવાડી-દેરાસરના પ્રાંગણમાં યોજાયેલ. વિવિધ સંઘોના પ્રમુખશ્રીઓ તરફથી ઊર્વિબેનનું સન્માન કરવામાં આવેલ તથા મુમુક્ષુના પરિવારજનોનું બહુમાન કરવામાં આવેલ.

શ્રી દેવશી કચરાભાઈ ડાગા પરિવાર તરફથી મુમુક્ષુના હસ્તે રૂા. ૨૧૦૦૦ની ધન રાશી ગૌશાળાને તથા ગામના ત્રણે દેરાસરોને દરેકને રૂા. ૧૧,૦૦૦ની તથા તેરાપંથી, દિગંબર સમાજ વગેરે સંઘોને પણ દિક્ષાર્થીના હસ્તે ધનરાશિ આપી પરિવારે દાનધર્મ સુકૃત કરેલ. ગામના બધા મહિલામંડળોને દરેકને રૂા.૧,૧૦૦નું દાન આપી અનુમોદના કરાયેલ.

શ્રી દાદાવાડી સંઘના પ્રમુખશ્રીએ શ્રી દેવશી કચરાભાઈ પરિવારે કરેલ વિવિધ સંસ્થાઓના દાન સુકૃતોની અનુમોદના કરેલ. પરિવારે ત્રણે દેરાસરોમાં અષ્પ્રકારી પુજાની અને આંગીની સામગ્રીની શણગારેલી છાબો ભેટ ધરેલ, તથા બેઠા વર્ષીદાનના રૂપિયા દેરાસરમાં કામ કરતા ભાઈ-બહેનો તથા પુજારીને અર્પણ કરેલ. વિદાયના ગીતોથી સમસ્ત જૈન સંઘની આંખો ભીની થઈ. ડાઘા પરિવાર તરફથી પ્રભાવના થઈ. બપોરની સમસ્ત ક.દ.ઓ. સંઘની સાધર્મિક ભક્તિનો લાભ પરિવારે લીધેલ. તથા સકળ સંઘને બપોરે ત્રણ વાગે બધા મહિલા મંડળો દ્વારા સાંજીનો કાર્યક્રમ પરિવાર તરફથી ગોઠવવામાં આવેલ. બધા મહિલા મંડળોએ સુંદર ગીતો ગાઈ સાંજી આપી. કોઈએ નૃત્ય કર્યા તો કોઈએ ગરબા રમ્યા. તો કોઈએ નાટક ભજવેલ. પરિવારે બધાને મહેંદીના કોન આપી મહેંદી રસમ કાર્યક્રમ ઉજવેલ. બહેનોએ દાંડિયારાસની રમઝટ જમાવી.

મહિલામંચની બહેનોની સાથે કુ. પુજા કિશોર લોડાયાએ નિર્વિધ્ન સંયમ પંથની સમજ આપતી નાટિકા 'No tention' રજુ કરી. સૌએ ખુબ સારો પ્રતિસાદ આપ્યો. બધાને પરિવાર તરફથી સંઘપૂજન તથા સામાયિક બેગની પ્રભાવના અપાઈ.


શુભેચ્છા સહ....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

અંબા શીપીંગ એજન્સીઝ

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.



શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

UKKHIMJI & CO.

યોગાનુયોગ દિક્ષાર્થી ઉર્વિબેનનો તા. ૧૩.૨ના જન્મદિવસ હોવાથી સંસારના ભૌતિક સુખ-સામગ્રી અને સગવડોને કેક કાપી ત્યાગ કર્યા. બધાના મોઢું મીઠું કરીને મહાવીર પ્રભુના શાસનમાં સમર્પિત થઈ. સંયમ જીવન ઉજ્જવલ કરવા ઝગમગતા દિવડા પ્રગટાવ્યા.

પરિવાર સાંજે સૌની ચોવિહાર ભક્તિનો લાભ લીધેલ. ક.દ.ઓ. સંઘ વતી શ્રી સોમચંદ ભાણજી લાલકા એ કુ. ઉર્વીબેનનું બહુમાન કરેલ. ઉર્વીબેને પોતાના ઉદ્‌બોધનમાં કહ્યું કે શ્રી સોમચંદભાઈએ મને આ પાવન પંથ ઉપર જવા પ્રેરણા આપી છે એટલે હું એમની ખુબ ખુબ આભારી છું. તથા સંઘના ભાઈ-બહેનોએ પરિવારનું બહુમાન કર્યું. બધાને ઉર્વીબેને દીક્ષા પ્રસંગે પધારવા આમંત્રણ આપેલ.

## વડાલામાં પૂ. મુનિ મ.સા.ના જાહેર વ્યાખ્યાન

શ્રી જય જિનેન્દ્ર ગ્રુપ (વડાલા)ના ઉપક્રમે વડાલાના સંભવનાથ જિનાલયે પ્રવચન પ્રભાવક મુનિ શ્રી વિમલસાગરજી મ.સા.નું જાહેર વ્યાખ્યાન તા. ૯.૧. અને તા. ૧૦.૧.૧૩ના સવારના ૯ વાગે યોજાયેલ જેમાં પૂ. મુનિરાજ આગવી શૈલીનાં જૈન ધર્મ ઈતિહાસ વિષે વિસ્તારપૂર્વક ૩ કલાક સુધી વ્યાખ્યાન ફરમાવેલ. જેનાં સંઘના શ્રાવક-શ્રાવિકાઓ બહોળી સંખ્યામા હાજર રહેલ. વ્યાખ્યાન બાદ રૂા. ૨૦ અને બીજે દિવસે રૂા. ૧૦ની પ્રભાવના થઈ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના તા. ૨૪.૨.૧૩ના શ્રી મોતીચંદ લાલજી ખોના પરિવાર (નલીયા) તરફથી છે. તા. ૨૪.૩.૧૩ની ભાવનાનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર (જખૌ) તરફથી છે.

## ભદ્રાવતીમાં પાર્શ્વનાથ જિનાલય રજતજયંતિ

કર્ણાટકના શિમોગા જિલ્લામાં ભદ્રાવતીનગરમાં શ્રી પાર્શ્વનાથ જિનાલયના રજત જયંતિ નિમીત્તે પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પૂ. મુનિ દેવરત્નસાગરજી મ.સા. આ.ઠા.ની નિશ્રામાં ઉજવાશે. પૂ.આ. ભુવનભાનુસુરીજી મ.સા.ની પ્રેરણાએ આ જિનાલયની પ્રતિષ્ઠા થયેલ અને પૂ.આ.શ્રી. ગુણસાગરસુરીજી મ.સા.ના જન્મશતાબ્દિવર્ષે આ રજત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. મહોત્સવમાં વિશિષ્ટ આરાધના, પુજન, પ્રવચનો, આંગી-ભાવના, દીપક રોશની, સજાવટ, કુમારપાળની મહાઆરતી વગેરે થશે. તા. ૧૭.૨.ના પૂ. મુનિવૃંદ પધારશે. આ મહોત્સવ ૧૯ થી ૨૩.૨.૧૩ દરમ્યાન પાંચ દિવસ ચાલશે.

## અચલગચ્છનો ધ્વજ અને પ્રતિક માટે સ્પર્ધા

અચલગચ્છ સ્થાપનાની નવમી શતાબ્દિ ઉજવણી નિમિત્તે ગચ્છનો લોગો અને ધ્વજ પ્રતિક રચના માટે સ્પર્ધા રખાઈ છે. આ માટેની કલાકૃતિઓ તા. ૫.૩.૧૩ સુધીમાં મોકલવા જણાવાયું છે. પૂ.મુનિ સર્વોદયસાગરજીએ આ સ્પર્ધામાં ભાગ લેવા અપીલ કરી છે.

વધુ વિગત સંપર્ક શ્રી સોમચંદ લોડાયા એ-૧૦૪, સાંઈ ક્લાસિક, ગવનપાડા બસસ્ટોપ, મુલુંડ (ઈ), મુંબઈ-૮૧. ફોન : 983222754440.

## શ્રી રાયચંદ માલશી મોતા

શ્રી રાયચંદ માલશી મોતાની, વર્ષ ૨૦૧૩-૧૪-૧૫ માટે સેલમ ગુજરાતી સમાજમાં માનદ્‌મંત્રીપદે તેમજ શ્રી તાલીમનાડુ ગુજરાતી સમાજમાં સહમંત્રી પદે નિમણુંક થયેલ છે. આ નિમણુંક બદલ હાર્દિક અભિનંદન.

## 'પરબ' દ્વારા મેડીકલ ચેકઅપ પ્રવૃત્તિ

'પરબ' શક્તિ સંજીવનીના ઉપક્રમે જ્ઞાતિજનો માટે કાયમી પ્રોજેક્ટરૂપે જનરલ હેલ્થ ચેકઅપ સુવિધા રાહતદરે ફોર્ટીઝ-મુલુંડ અને જ્યુપીટર-થાણા હોસ્પિટલમાં ગોઠવણ કરાઈ છે. આ લાભ માટે રજીસ્ટ્રેશન અને વધુ જાણકારી માટે સંપર્ક : જયશ્રીબેન દંડ-9892215560.

## આરાધક મંડળ-રાયપુર

આરાધક મંડળ રાયપુર મંડળ દ્વારા જાણ કરાઈ કે ભાઈ-બહેનો "શ્રી આનંદઘન ચોવીશી"ના સ્તવનો મુખપાઠ કરી આવશે. તેમને રૂા. એક હજારનું ઈનામ અપાશે.

સૌ. ખીલવંતીબેન (પૂર્ણિમા) હંસકુમાર લોડાયાએ તે મુખપાઠ કરીને રૂા.૧૦૦૦નું ઈનામ મેળવ્યું છે. મંડળ તરફથી ચૌવીશી મુખ પાઠ કરનારા સભ્યોની અનુમોદના કરાય છે. ઈનામોનો લાભ : શ્રીમતી ગુણવંતીબેન રતીલાલ મૈશેરી (નાગપુર) એ લીધેલ છે.

## 'અમૂલ' દૂધ પાઉચ પેકીંગ કચ્છમાં

અમૂલ દૂધના પાઉચની ખરીદી કરો ત્યારે તેમાં મેઈડ ઈન 'લાખોંદ-કચ્છ' વાંચો તો ચમકતા નહીં... કેમ કે હવે અમૂલ દૂધ મેઈડ ઈન લાખોંદ(કચ્છ) ના માર્કા સાથે કચ્છમાં જ પેકીંગ થઈ અસંખ્ય ગ્રાહકો સુધી વૈશ્વિક સ્તરની બજારમાં પહોંચવા લાગ્યું છે.

જે દૂધના માધ્યમથી કચ્છનું નામ દુનિયાભરમાં પહોંચવા લાગ્યું છે તેવા કચ્છભરમાંથી એકત્ર થતા દૂધ અને એ દૂધનું સુનિયોજિત ઢબે જ્યાં પેકીંગ થાય છે એ પ્રોજેક્ટ કચ્છમાં સહકારી ધોરણે ઊભી થયેલી સરહદ ડેરી અત્યાર સુધી કચ્છના ખૂણે-ખૂણેથી દૂધ એકત્ર કરી અમૂલને પહોંચાડતી હતી. પરંતુ હવે આવું પ્રોસેસ થયેલું

દૂધ અમૂલ બ્રાન્ડ હેઠળ ખુદ અમૂલ કંપની કચ્છમાં જ પેકીંગ કરી બજારમાં મૂકી રહી છે. સરહદ ડેરીના નેતૃત્વમાં અમૂલનો આ પ્લાન્ટ ભુજ તાલુકાના લાખોંદની સીમમાં શરૂ થઈ ગયો છે. અત્યારે દૈનિક ૨ લાખ લીટર દુધ આવે છે જે વધારીને ૧૦ લાખ લીટરનું લક્ષ્યાંક છે.

રૂા. ૧૫ કરોડના ખર્ચે નિર્મિત આ સ્થળે ટૂંક સમયમાં દૈનિક એક લાખ લિટર દૂધ પેકીંગ થવા માંડશે. ભવિષ્યમાં અહીં જ દૂધ-દહીં-છાશ પણ પેકીંગ થઈ બજારમાં પહોંચશે. લાખોંદ ખાતેનો અમૂલ બ્રાન્ડનો ગુજરાતનો આ ૧૧મો પ્લાન્ટ છે.

સરહદ ડેરીના માધ્યમથી આજે કચ્છમાં ૨૫ હજાર પરિવારો દૂધ ઉત્પાદન વડે રોજગારી મેળવે છે. ૫૦૦ દૂધ ઉત્પાદક મંડળીઓ સરહદ ડેરી સાથે કાર્યરત છે. કચ્છમાં દૈનિક બે લાખ પાંચ હજાર લિટર દૂધ એકત્ર કરવામાં આવી રહ્યું છે. ૧૦૦ થી વધુ સ્ટાફ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન અંગ્રેજી માધ્યમ સ્કુલ-ગદગ

શ્રી સી.ડી.ઓ. જૈન ઈંગ્લીશ મિડીયમ હાઈસ્કૂલનો વાર્ષિક સ્નેહસંમેલન મેળાવડો તા. ૧૦.૧.૧૩ અને ૧૧.૧.૧૩ના બે વિભાગમાં રાખવામાં આવેલ. તા. ૧૨.૧.૧૩ના સર્વે વિદ્યાર્થીઓ, જ્ઞાતિ તથા શ્રી ગુજરાતી સમાજનાં સર્વે ભાઈ-બહેનો માટે સંઘજમણ રાખવામાં આવેલ.

તા. ૧૦.૧.૧૩ના બપોરે ૩ વાગે મુખ્ય અતિથી વિશેષ શ્રી રીતેન પ્રેમચંદ સોનાવાલા (મુંબઈ), માનવંતા મહેમાન DDPI શ્રી રાજીવ નાયક તથા ગદગ મહાજનશ્રીનાં પ્રમુખ શ્રી નવીનચંદ શામજી લાલકાએ દીપ પ્રાગટ્ય કરીને આ સંમેલનનો શુભારંભ કર્યો. મંચસ્થ ત્રણે મહાનુભાવોને ટૂંક પરિચય શ્રીમતી પરીકા પરેશ નાગડા, શ્રીમતી સુચિત્રા ચાફેકર તથા શ્રીમતી મીનલ માનેએ આપેલ.

શાળાનો વાર્ષિક પ્રવૃત્તિઓ અહેવાલ મુખ્ય શિક્ષિકા શ્રીમતી આર.એસ. મઠદેએ રજૂ કર્યો. દરેક વર્ગમાં પ્રથમ તથા દ્વિતીય ક્રમે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ, દરેક વર્ગનાં શ્રેષ્ઠ વિદ્યાર્થી, ગુજરાતી વર્ગનાં વિદ્યાર્થીઓ તથા S.S.L.C. માં સૌથી વધારે માર્કસ લઈ પાસ થનાર વિદ્યાર્થીઓને ત્રણે મહાનુભાવોનાં હસ્તે ઈનામો અને પદકો એનાયત થયા. શ્રીમતી મધુરીબેન નવિનચંદ સોનાવાલા (બેંગલોર) તરફથી શ્રેષ્ઠ વિદ્યાર્થી અક્ષય ગુડાયવર અને શ્રેષ્ઠ વિદ્યાર્થીની ચૈત્રા કુલકર્ણીને લૅપટૉપ ભેટ આપવામાં આવેલ.

સ્કુલના સેક્રેટરી શ્રી ચંદ્રકાંત લાલજી લોડાયાએ ઉદ્‌બોધનમાં શાળાની દરેક શ્રેત્રમાં સફળતા અને પ્રગતિ વર્ણવી હતી. મુખ્ય અતિથિનું સ્મૃતિચિહ્‌ન અર્પણ કરી ઉપપ્રમુખશ્રી હરીશ શીવલાલ મુનવરે સન્માન કર્યું. અન્ય મહાનુભાવોનું સન્માન શ્રી ચંદ્રકાંત લાલજી તથા શાળાનાં જોઈન્ટ સેક્રેટરી શ્રી સતીશ પ્રવીણચંદ લુઠીયાએ કર્યું. પ્રથમ દિવસે L.K.G.થી ધો. ૩નાં વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમ રજૂ કરેલ. બીજે દિવસે શાળાનાં પ્રમુખ શ્રી દિનેશચંદ કુંવરજી લોડાયાએ સર્વેનું સ્વાગત કરી સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરેલ. ધો. ૪ થી ૧૦નાં વિદ્યાર્થીઓએ પોતાની કળા પ્રદર્શિત કરી વિવિધ કાર્યક્રમો રજૂ કરી સૌના મન મોહી લીધા હતા. કાર્યક્રમ સંચાલન ઉમા સી. ટેંગીનકાઈએ આગવી શૈલીમાં કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા મહાજનશ્રીનાં સર્વે કિમટી સભ્યો, સ્કૂલ કમિટીનાં સર્વે સભ્યો તથા શાળાનાં સ્ટાફે યોગદાન આપેલ. શ્રી રીતેન સોનાવાલા તરફથી સ્કુલ કિમટીનાં સર્વે સભ્યો તથા સ્કુલના સ્ટાફ માટે 'ક્લર્ક ઈન' હોટલમાં ડીનરનું આયોજન કરવામાં આવેલ.

તા. ૩.૨.૧૩નાં સ્કુલ તરફથી શ્રી વસંત મારૂ દિગ્દર્શિત કચ્છી નાટક 'જિંદગી જલસો ભની વઈ' નો એક શૉ રાખવામાં આવેલ. કોપ્પલ, હુબલી, બાગલકોટ, લોકાપુર, ગંગાવતી વગેરે ગામોથી જ્ઞાતિજનો પધારેલ. નાટક પૂર્ણ થયા બાદ જમણની વ્યવસ્થા રાખવામાં આવી હતી. સર્વે ભાઈ-બહેનોએ નાટકની મજા માણી હતી.

## સાભાર સ્વીકાર : જ્ઞાનેશ્વરી

કચ્છી સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા પ્રકાશીત સંત જ્ઞાનેશ્વરકૃત જ્ઞાનેશ્વરીના કચ્છીમાં અનુવાદ કરનાર શ્રી પ્રભાશંકર ફડકેનું પુસ્તક મળ્યું.

જ્ઞાનેશ્વરી ગીતા જેવા ગહન ધર્મ-અધ્યાત્મના ગ્રંથનું મરાઠીમાંથી કચ્છીમાં  ભાષાંતર-ભાવાનુવાદ કરવું કઠિન કાર્ય છે જે લગભગ નવસર્જન જેવી જ મૌલિક સાહિત્ય કૃતિ છે.

ગીતાના અઢાર અધ્યાયોના સાર પદોનું કાવ્યાત્મક અવતરણ નોંધનીય કાર્ય છે.

આ ગ્રંથમાં પ્રકાશકીય-અકાદમીના મહાપાત્ર હર્ષદ ત્રિવેદીનું, આવકાર-શ્રી કીર્તિ ખત્રી દ્વારા, ભાવાર્થ દિપીકાનું કચ્છીમાં અવતરણ-ડૉ. કાંતિ ગોર દ્વારા, સમીક્ષા પ્રતિભાવ-ઉપાધ્યાય ભુવનચંદ્રજી અને જ્ઞાનેશ્વરી ગંગાવતરણ માવજીભાઈ સાવલાએ કર્યું છે.

કચ્છીભાષામાં જ્ઞાનેશ્વરીનો રસાસ્વાદ માણવા આ ગ્રંથ એક અણમોલ ભેટ છે.

જ્ઞાનેશ્વરી જેવા તત્વ અને સત્વને કચ્છી ભાષામાં લોકાભોગ્યરીતે ઢાળવા અને મરાઠી લેખકે જે પ્રયત્ન કર્યો છે તે સવાયો અભિનંદનીય પ્રયાસ છે. આ પુસ્તકને અક્ષરદેહ આપવામાં સહભાગી થનાર સૌને અભિનંદન.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વિપુલ પુનમચંદ સોની** | ૧, શ્રી સાંઈલીલા, સુસ્વાગતમ હોટેલ પાસે, કૈલાસનગર, ડોંબીવલી(વે)-૪૨૧૨૦૨ ફોન : 9967339769 |
| **પ્રવીણ નરશી લાપસીયા** | ૩૦૧/A સર્વોદય હાઈટ્સ, પાર્શ્વનાથ નગર, જૈન દેરાસર રોડ, મુલુંડ(વે), મુંબઈ-૪૦૦૦૮૦ ફોન : 9820144572 |
| **જયેશ ગુલાબચંદ ખોના** | D-2, ૩૦૩ મીલેનીયમ ટાવર, સેક્ટર-૯, શાનપાડા, નવી મુંબઈ-૪૦૦૯૦૫ ફોન : 27759616 |
| **શશીકાંત એમ. ખોના** | ૨૦૫, અનુકુલ ચેમ્બર, પ્લોટ-૮/૧૨ નેશનલ હાયવે નં.૮, ગુંજન, વાપી-૩૯૬૧૯૫. |
| **હિમાંશુ વીરેન્દ્ર છેડા** | ૫૦૩, જયંત હાઈટ્સ, શંકર મંદિર પાછળ, રાણા ટાવર્સ, કલવા ફોન : 9324325439 |
| **ભારતી કુંવરજી લોડાયા** | અરીહંત એગ્રો સેલ્સ, ૧૦ સચી પ્લાઝા, જુની બી.જે. માર્કેટ, જલગામ-૪૨૫૦૦૧ ફોન : 9422544054 / 9422216808 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરૂં નામ -હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

**કોશલ્યા વિજય મોમાયા** સોલાપુર 9028169438

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧.૨.૧૩ | ચોપડા | KRLO070103 | પાર્શ્વ-યોગેશ નરેશ લોડાયા | કોઠારા | પુત્ર |
| ૨૬.૧૧.૧૨ | પુના | RANG070403 | આશિ-નયન મહેન્દ્ર નાગડા | રંગપુર | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭.૨.૧૩ | બેંગલોર | JKSO010703 | નિમેષ ખુશાલચંદ રતીલાલ સોની | જખૌ | ૨૮ |
| | બેંગલોર | KRLO023103 | ઉર્મી કાંતિલાલ હેમરાજ લોડાયા | કોઠારા | ૨૬ |
| ૧૨.૨.૧૩ | ડોંબીવલી | JKMA021003 | રાહુલ નવિન વિશનજી મૈશેરી | જખૌ | ૨૭ |
| | ડોંબીવલી | ARLO040304 | મિત્તલ દિનેશ કેશવજી લોડાયા | અરીખાણ | ૨૬ |
| ૧૨.૨.૧૩ | પુના | TRDD021403 | ઉર્વેશ પિયુષકુમાર કિર્તીચંદ દંડ | તેરા | ૨૬ |
| | ચાલીસગામ | VVLO070803 | અવની દિપક લક્ષ્મીચંદ લોડાયા | વારાપધર | ૨૬ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫.૧.૧૩ | સાયન | RVLO020404 | દિગંત સુરેન્દ્ર બંકિમચંદ્ર લોડાયા | રવા | ૨૭ |
| | મુલુંડ | TRDU010603 | માનસી હરીશ જવેરચંદ ધુલ્લા | તેરા | ૨૫ |
| ૨૨.૧૨.૧૨ | મુલુંડ | KBKN030305 | શૈલેષ જયંતીલાલ હંસરાજ ખોના | મોટીખાવડી | ૩૩ |
| | મુલુંડ | NLLA030503 | વિરલ જવેરચંદ પદમશી લાલકા | નલીયા | ૩૩ |
| ૨૨.૧.૧૩ | મુલુંડ | JKDH030703 | નિરવ હસમુખ લક્ષ્મીચંદ ધરમશી | જખૌ | ૨૮ |
| | પુના | RPLO031203 | શ્વેતા તિલકચંદ લક્ષ્મીચંદ લોડાયા | રાપરગઢ | ૨૮ |
| ૧૯.૧.૧૩ | મુલુંડ | PRVK030103 | ડોલર કાંતિલાલ લખમશી વિકમશી | પરજાઉ | ૨૭ |
| | ડોંબીવલી | SUCD011004 | હીરલ ખુશાલ વશનજી છેડા | સુથરી | ૨૭ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯.૧૨.૧૨ | જલગામ | GEPL010801 | નરેશ ખેતશી પદમશી પોલડીયા | ગોએરસમા | ૨૯ |
| | જલગામ | A | શિલ્પા નંદકીશોર નટવરલાલ પારેખ | | ૨૭ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦.૨.૧૩ | ડોંબીવલી | BHDD060601 | લક્ષ્મીચંદ મુલચંદ જેઠાભાઈ દંડ | ભરૂડીયા | ૭૨ |
| ૯.૨.૧૩ | ડોંબીવલી | PRNG040302 | કસ્તુરીબાઈ હિરાચંદ રાયમલ નાગડા | પરજાઉ | ૭૯ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in



**હાર્દિક વંદન**

પૂ. યતિશ્રી મોતીસાગરજી મ.સા.ને ૯૯મા જન્મદિન નિમીત્તે હાર્દિક વંદના...

-"તન-મન" પરિવાર



SHIKHARJI Continental MADHUBAN - JHARKHAND

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# અનુમોદનાની અંતર આરતીએ અને મનોરથના મંગલ દીવાએ...

## માતુશ્રી ભચીબાઈ પદમશીં લોડાયા પરિવાર (સાંયરા) હસ્તે
## અ.સૌ. જયાબેન શાંતિલાલ પદમશીં (અંતરજાળ, આદિપુર/મુલુંડ)



અંતરમાં અવિચલ શ્રદ્ધા-આસ્થા ઉપાસના અને દૃઢ સંકલ્પબળે આપશ્રીએ શ્રાવકધર્મને સોહામણો સર્જવા. શ્રાવક શીરોમણી શેઠ શ્રી નરશી નાથા અને મુગટમણી શેઠશ્રી કેશવજી નાયકની દશાઈ સંસ્કૃતિને ઉજાગર કરવા તેઓશ્રીની રાહે ચાલી, સ્વદ્રવ્યે અંજનશલાકા મહોત્સવ, અહિંસક લક્ષ્મીએ વિમલનાથ દાદાનું શિખરબદ્ધ જિનાલય અને ઉપાશ્રયનું નિર્માણ કરી શ્રી આદિપુર અચલગચ્છ સંઘને અર્પણ કરી વર્તમાને સંભવત: જ્ઞાતિમાં આપશ્રી પ્રથમ ઠર્યા છો ! ધન્ય !

બિલ્ડર્સ હોઈ સ્વ સુઝ-બુઝ અને સમજથી મુંબઈથી કચ્છ અને રાજસ્થાને અનેક ચક્કર કાપી છ જ મહિનામાં નાત નઝરાણાસમ શ્રદ્ધાસ્થાનને સાકાર કરતાં સમસ્ત નાત સહ 'સાંયરાઈઓની' રગેરગમાં ગરીમાની ગહુંલીરૂપ થયા છો ! હાર્દિક અભિનંદન...

અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીજી મ.સા. અને વિશાળ શ્રમણીવૃંદ વચ્ચે દશાન્હિકા મહોત્સવે મેઘાવી માહોલ સર્જ્યો. મહોત્સવે ધર્મયોગ, કર્મયોગ અને ભાવયોગના ત્રિવેણી સંગમે નિત્ય ૧૫૦૦થી ૨૦૦૦ જણાંની સ્વામીભક્તિ, મહેમાનગીરી, પક્ષીઓને ચણ, જાનવરોને ખાણ અને શ્રાવકોને દાન અર્પી સુકૃતના સાથીયા ચીતર્યા ! અહો... અહો... સુકૃતમ્

જન-મનમાં પુત્ર હોજો તો ''શાંતિલાલભાઈ'' જેવા અને પુત્રવધુ હોજો તો ''જયાબેન'' જેવા. અંતરના ભાવોને પ્રભાવિત કર્યા... શાબાશ દોસ્ત,

પ્રસંગના બધાય લાભો સ્વખભે ઉપાડી, સ્નેહીજનોને લાભ આપી. સાધારણ ખાતાને પણ સ્વશક્તિએ સધ્ધર કરી, હર જ્ઞાતિજનોના મનમાં આત્મીયતાના આંબા ઉગાડ્યા. વાઉ... ઉ... ઉ...

ધરાથી ધજા સુધી અને પટ્ટથી પતાકા પર્યંત દશાન્હિકા મહોત્સવે દશે દિશાએ ડંકો વગાડતાં અમારી ૩૨ ઈંચની છાતી ૩૬ ઈંચ થતાં બે હાથો સાથે હૃદયે પણ તાળીઓ પાડી.

જમણાં સાથે ડાબા હાથે પણ જશની જબરી રેખાએ સૌ સુકૃતો સ્વનામે ન કરતાં માતા-પિતાના નામે ચીતરતાં 'સુપુત્ર' ની સાર્થકતા કરતાં શ્રેષ્ઠ શ્રધ્ધાંજલિ અર્પી, લક્ષ્મીને ધર્મલક્ષ્મી અને સમાજલક્ષ્મી કરી.

વિમલનાથ દાદાને નજીકથી વિમલભાવે નીરખવા 'વિમલ તારી ભક્તિ' પુસ્તક મુદ્રણ કરી, ઉચિત પ્રભાવનાએ અલ્પથી અસીમના જીવનયાત્રા પથના પ્રેરક પૂરક અને પ્રેરણાત્મક દૃષ્ટાંતે આદીપુર અંતરજાળનાં 'નગરશેઠ' બન્યા છો !

હજી પણ સાંયરા ગામને વધુ સબળો કરવા તેમજ નાત અને નાતીલા માટે કંઈક કરી છૂટવા આપની નાત અને ધર્મદાઝને ''લહેર'' થી સો... સો... સલામી...

નવકારવાળીના મણકા થતાં ભાઈ-આપની રાત રૂપાની અને દિવસ સોનાનો રહે. આપની હર સેકન્ડો સોહામણી, મિનીટો મંગલકારી, કલાકો કલ્યાણકારી અને દિવસો દિવ્યંકારી બને. આપના લાખેણાં લલાટે અહોભાવનો કુમકુમ તિલક કરતાં...

શુભેચ્છાની છલકતી છાબોએ...

-લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ) 9146465152

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન ઈંગ્લીસ મીડીયમ સ્કુલ, ગદગ
# તા. ૧૦ તથા ૧૧-૧-૨૦૧૩ ના થયેલ ૧૦૮ માં વાર્ષિક મેળાવડા ની ઝલક


અતીથી શ્રી રીતેન પી. સોનાવાલાનુ ગદગમાં આગમન


અતીથીશ્રી નું સ્કુલ માં આગમન


દીપ પ્રગટાવતા અતીથી તથા શ્રી નવીનચંદ લાલકા


શ્રી હરીશ મુનવર, શ્રી ચંદ્રકાંતભાઈ લોડાયા તથા DDPI


શ્રી દિનેશચંદ લોડાયા દ્વારા દિપ પ્રગટ્ય


મંચ પર અતીથી અને અતીથી વિશેષ તથા મહાનુભાવોં


શ્રી રીતેન સોનાવાલાને મોમેન્ટો આપતા ચંદ્રકાંતભાઈ


અતિથી શ્રી રીતેન સોનાવાલાનું વક્તવ્ય


મેળાવડા માં પધારેલ વડીલો


મેળાવડા માં પધારેલ માહાનુભાવો


સન્માન સ્વીકારતા ભાવીન સોનાવાલા


સ્કુલના કમીટી મેમ્બરો તથા શિક્ષકો


જમણની મોજ માણતા વિધ્યાર્થીઓ



સાંસ્કૃતીક કાર્યક્રમ રજુ કરતા નાના વિધ્યાર્થીઓ


સાંસ્કૃતીક કાર્યક્રમ રજુ કરતા મોટા વિધ્યાર્થીઓ

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**